RNI NO GUJGUJ2003/09673
LEELA NEWS NETWORK P. LTD
અસ્સલ કાઠિયાવાડી મિજાજ
# સૌરાષ્ટ્ર આજતક
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨
● સંવત ૨૦૮૨ મહા સુદ -૭   રવિવાર, તા.૨૫-૦૧-૨૦૨૬   અંક : ૧૪૩ વર્ષ : ૨૩   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# દિલ્હીમાં હવામાન બદલાયું, દિવસભર ઝરમર વરસાદ: ઠંડીમાં વધારો

## ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડીથી જનજીવન પ્રભાવિત, પર્વતો પર બરફ અને દિલ્હી-એનસીઆરમાં ઠંડીનું મોજું તબાહી મચાવી રહ્યું છે




નવીદિલ્હી,

દિલ્હીમાં હવામાન અચાનક બદલાયું છે, અને શુક્રવારે સવારે દિલ્હીમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો, અને દિવસભર ઝરમર વરસાદ ચાલુ રહ્યો. શુક્રવારથી વરસાદ અને ઠંડા પવનોએ દિલ્હીમાં ઠંડીમાં વધારો કર્યો છે, જ્યાં ૨૨ જાન્યુઆરી સુધી હવામાન સામાન્ય હતું. હવે, ફરી એકવાર હવામાન બદલાયું છે, ઠંડીમાં વધારો થયો છે.

આ સાથે, તાપમાનમાં પણ ઘટાડો થયો છે. ૨૪ જાન્યુઆરીએ દિલ્હીનું મહત્તમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ હતું. આજે, મહત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. વધુમાં, હવામાન વિભાગે દિલ્હીમાં આગામી બે દિવસ માટે શીત લહેરની ચેતવણી જારી કરી છે. ૨૭ જાન્યુઆરીએ દિલ્હીમાં ફરી વરસાદ પડી શકે છે.

પહાડી રાજ્યોની વાત કરીએ તો, ૨૫ જાન્યુઆરીએ જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વીજળી અને જોરદાર પવન ફૂંકાઈ શકે છે. ૨૪ અને ૨૫ જાન્યુઆરીએ આ વિસ્તારોમાં હિમવર્ષા પણ જોવા મળશે. ૨૫ જાન્યુઆરીએ પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના ઉત્તરીય ભાગોમાં હળવો થી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. ઘણા વિસ્તારોમાં પ્રતિકૂળ હવામાન રહેશે, સાથે વીજળી અને જોરદાર પવન પણ આવશે.

## મોદીએ ૬૧,૦૦૦ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું, 'નાગરિક દેવો ભવ'નો મંત્ર આપ્યો

નવીદિલ્હી,

પીએમ મોદીએ ૬૧,૦૦૦ થી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. આ કાર્યક્રમ ૧૮મા રોજગાર મેળાના પ્રસંગે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયો હતો. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે વર્ષ ૨૦૨૬ ની શરૂઆત તમારા જીવનમાં નવી ખુશીઓની શરૂઆત છે. ગઈકાલે વસંત હમણાં જ સમાપ્ત થયો છે, તે તમારા જીવનમાં એક નવી વસંતની શરૂઆત પણ દર્શાવે છે. આ સમય તમને બંધારણ પ્રત્યેની તમારી ફરજો સાથે પણ જોડે છે. યોગાનુયોગ, હાલમાં દેશમાં પ્રજાસત્તાક દિવસ ચાલી રહ્યો છે. ગઈકાલે, ૨૩ જાન્યુઆરીએ, આપણે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ પર પરાક્રમ દિવસ ઉજવ્યો. આવતીકાલે, ૨૫ જાન્યુઆરી, રાષ્ટ્રીય મતદાતા દિવસ છે. પછી, ૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક દિવસ છે.

પીએમ મોદીએ કહ્યું કે આજનો દિવસ પણ એક ખાસ દિવસ છે. આ દિવસે આપણા બંધારણે જન ગણ મનને રાષ્ટ્રગીત તરીકે અને વંદે માતરમને રાષ્ટ્રીય ગીત તરીકે અપનાવ્યું હતું. આજે, દેશભરમાં ૬૧,૦૦૦ થી વધુ યુવાનો એક નવી સફર પર નીકળી રહ્યા છે. આજે, તમે બધા સરકારી સેવાઓ માટે નિમણૂક પત્રો મેળવી રહ્યા છો. આ એક રીતે, રાષ્ટ્રનિર્માણ માટે આમંત્રણ છે. તે વિકસિત ભારતના નિર્માણને વેગ આપવાનો સંકલ્પ છે. તમારામાંથી ઘણા લોકો દેશની સુરક્ષાને મજબૂત બનાવશે.

## પ્રજાસત્તાક દિવસ પહેલા દિલ્હીની સુરક્ષામાં મોટો ભંગ, શંકાસ્પદ મહિલાની ધરપકડ

### પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા

નવીદિલ્હી,

દિલ્હી પોલીસે પ્રજાસત્તાક દિવસ પહેલા નકલી નંબર પ્લેટવાળી કાર ચલાવતી એક મહિલાની ધરપકડ કરી છે. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, ક્રાઈમ બ્રાન્ચના એન્ટી-એક્સટોર્શન અને અપહરણ સેલને બાતમી મળી હતી કે એક મહિલા વારંવાર વિદેશી દૂતાવાસની લાઈસન્સ પ્લેટવાળી કારમાં દૂતાવાસ વિસ્તારમાં ફરતી રહે છે. માહિતીને ગંભીરતાથી લેતા, એક ખાસ ટીમ બનાવવામાં આવી હતી અને વસંત વિહાર વિસ્તારમાં દેખરેખ શરૂ કરવામાં આવી હતી. બપોરે ૩:૧૦ વાગ્યાની આસપાસ, વસંત વિહારના બી-૫ માં એક શંકાસ્પદ ઈનોવા કાર પાર્ક કરેલી મળી આવી હતી. થોડા સમય પછી, આશરે ૪૫ વર્ષની એક મહિલા કાર પાસે પહોંચી અને જ્યારે તે તેને શરૂ કરવા જતી હતી, ત્યારે પોલીસે તેને પકડી લીધી. વાહનના દસ્તાવેજો માંગવામાં આવ્યા ત્યારે તે કોઈ રજૂ કરી શકી નહીં.

શરૂઆતમાં, મહિલાએ વિદેશી દૂતાવાસની પ્રતિનિધિ હોવાનો દાવો કર્યો હતો, પરંતુ નજીકની પૂછપરછમાં, તેણીએ નકલી રાજદ્વારી લાઈસન્સ પ્લેટનો ઉપયોગ કર્યાની કબૂલાત કરી હતી. તેણીએ જણાવ્યું હતું કે તેણીએ નવેમ્બર ૨૦૨૪ માં વિદેશી દૂતાવાસ પાસેથી કાર ખરીદી હતી પરંતુ તેને પોતાના નામે નોંધાવી નહોતી. દૂતાવાસે આ મામલે ચાણક્યપુરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી હતી.
























# સોમનાથમાં સુખધામ યાત્રીભવનનું લોકાર્પણ, સંતો-મહંતોની હાજરીમાં બે દિવસીય મહોત્સવ યોજાયો, શ્રદ્ધાળુઓ ઉમટ્યા

મિતેશ પરમાર, વેરાવળ,

સોમનાથ નજીક બાયપાસ રોડ પર સિંધી સોસાયટી વિસ્તારમાં સુખધામ યાત્રીભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. સંતો-મહંતોની ઉપસ્થિતિમાં આ યાત્રીભવનનું નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ તેને ખુલ્લું મુકાયું હતું. આ પ્રસંગે બે દિવસીય ધાર્મિક મહોત્સવનું આયોજન કરાયું હતું, જેમાં ગુજરાત સહિત દેશભરના હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.પૂજ્ય સુખરામદાસ મસંદ ટ્રસ્ટ – ઓલ ઈન્ડિયા સેવાધારી કમિટી, સોમનાથ (પાટણ)–વેરાવળ અને સમસ્ત સુખ પરિવાર દ્વારા આ મહોત્સવનું આયોજન કરાયું હતું. મહોત્સવના પ્રથમ દિવસે મૂર્તિ પ્રતિષ્ઠા અને હવન જેવી ધાર્મિક વિધિઓ સંપન્ન થઈ હતી. ત્યારબાદ ગુરુજીના આગમન સાથે શ્રદ્ધાળુઓ માટે લંગર પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.




રાત્રિના સમયે નવસારીના સની મૂલચંદાણી અને વંથલીની સુખ જ્યોત મંડળી દ્વારા સત્સંગ-કીર્તન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો.મહોત્સવના બીજા દિવસે, ૨૪મી ફેબ્રુઆરી, શનિવારે સોમનાથ બાયપાસ પરથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા ગુરુજી સાંઈ સંજય દેવ મસંદ સાહેબ અને ગુરુમાતા અનુપમા દેવી સંજય દેવ મસંદજીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. શોભાયાત્રા બાદ ગુરુજીના હસ્તે સુખધામ યાત્રીભવનનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું.

આ લોકાર્પણ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમાં ભારત સાધુ સમાજના પ્રમુખ મુક્તાનંદ બાપુ, સ્વામિનારાયણ ગુરુકુળના ભક્તિપ્રકાશ દાસજી, જિલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાય, સાંસદ અને ભાજપ પ્રદેશ ઉપપ્રમુખ રાજેશભાઈ ચુડાસમા, પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ માનસિંહભાઈ પરમાર, નરોડાના ધારાસભ્ય ડૉ. પાયલ કૂકરાણી, જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. સંજય પરમાર, શહેર ભાજપ પ્રમુખ શૈલેષ મેસવાણિયા અને વેરાવળ પાલિકાના પ્રમુખ પલ્લવીબેન જાનીનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે ગુરુજી સાંઈ સંજય દેવ મસંદ સાહેબે સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે સંસ્થા દ્વારા દેશભરના વિવિધ તીર્થધામોમાં યાત્રિકો માટે યાત્રીભવન અને વિનામૂલ્યે પ્રસાદ-ભોજનની વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે. સોમનાથમાં ૨૪મું સુખધામ યાત્રીભવન તૈયાર થયું છે, જ્યાં યાત્રિકોને રહેવા માટે સુવિધાસભર વ્યવસ્થા અને વિનામૂલ્યે ભોજન સેવા મળશે. તેમણે ઉમેર્યું કે આગામી સમયમાં દ્વારકા ખાતે પણ સુખધામ યાત્રીભવનના નિર્માણની યોજના છે.

સુખધામ યાત્રીભવનના લોકાર્પણ પ્રસંગે સિંધી સમુદાયના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઓલ ઇન્ડિયા સેવાધારી કમિટીના પ્રમુખ અશોક ચંદવાણી, લાલુભાઈ માખેંચા તેમજ મેનેજિંગ કમિટી અને વર્કિંગ કમિટીના સભ્યોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# ઉતર ભારતમાં ભારે હિમવર્ષાના પગલે ગુજરાતમાં ઠંડક પ્રસરી

## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ફરી ઠંડી વધી: સિંગલ ડિઝીટ તાપમાન: નલીયા ૫, ગિરનાર ૭, રાજકોટ ૯.૫ ડિગ્રી લઘુતમ તાપમાન: રાત્રે-સવારે તાપણા શરૂ

રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીએ વધતા લોકો ઠુંઠવાયા છે કચ્છના નલીયામાં ૫, ગિરનાર ૭, રાજકોટ ૯.૫, જામનગરમાં ૧૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

જમ્મુ કાશ્મીરથી હિમાલય પ્રદેશ સુધીના વિસ્તારોમાં આંધી તોફાન સાથે ભારે હિમવર્ષા થવાના કારણે છેલ્લા બે દિવસથી સોરઠ અને સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોનું હવામાન પલટાયુ છે. ઉતર ભારત, જમ્મુ કાશ્મીર જેવી ઠંડી પડતા લોકો ઠુંઠવાઇ ગયા હતા. જુનાગઢ સહિત સોરઠમાં ગઈકાલથી શરૂ થયેલો ઠંડો પવન આજે પણ યથાવત રહેતા જનજીવનને ભારે અસર થઈ છે અને ઠંડો પવન ફૂંકાવાના કારણે તાપમાનમાં ૨ ડિગ્રીનો ઘટાડો થતાં ગુલાબી ઠંડી વધી હતી.છેલ્લા બે દિવસથી સોરઠ અને સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોનું હવામાન પલટાયુ છે.

ગઈકાલથી શરૂ થયેલો ઠંડો પવન પણ ફુકાતા ઠંડી વધી ગઈ હતી. જુનાગઢ શહેરમાં સવારથી પવનની પ્રતિ કલાકની ઝડપ ૬.૫ કિલોમીટરની રહી હતી ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હોવાથી સવારે લઘુતમ તાપમાન ગઈકાલની



સરખામણીએ ૨ ડિગ્રી ઘટીને ૧૨ ડીગ્રી નોંધાયું હતું.

જુનાગઢની સાથે ગિરનાર પર્વત પર પણ પારો નીચે આવીને ૭ ડિગ્રીએ સ્થિર થયો હતો. પર્વત પર પણ બરફીલો પવન ફૂંકાતા સમગ્ર ગિરનાર પર્વત વિસ્તારનો વાતાવરણ કાશ્મીરી બની ગયું હતું.આજે સવારે ઠંડી વધવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને ૩૪% થઈ ગયું હતું.

જામનગરમાં લઘુતમ તાપમાન ૧૨ સે.ગ્રે. મહતમ તાપમાન ૨૩.૫ સે.ગ્રે. ભેજનું પ્રમાણ ૪૯ ટકા, પવનની ગતિ ૬.૪ કિ.મી. છે.

ભાવનગર ગોહિલવાડ પંથકમાં ઠંડીનું પ્રમાણ વધ્યુંન છે. તેમજ પવનની ઝડપ વધતા ઠંડીની તીવ્રતા વધી છે. આજે લઘુતમ તાપમાન ૩ ડીગ્રી ઘટીને ૧૩.૧ ડિગ્રી નોંધાયું હતું. જ્યા પવનની ઝડપ વધીને ૧૪ કિ.મી. પ્રતિ કલાકની થઈ હતી. ભાવનગરમાં ઠંડો પવન પવન ફૂંકાતા તેમજ લઘુતમ તાપમાન ઘટતા ઠંડીની તીવ્રતા વધી છે. શનિવારે ભાવનગર શહેરનું લઘુત્તમ તાપમાન ૩ ડીગ્રી ઘટીને ૧૩.૧ ડિગ્રી નોંધાયું હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૬ ટકા રહ્યું છે. જ્યા રે પવનની ઝડપ ૧૪ કિ.મી. પ્રતિ કલાકની રહી હતીરાજ્યમાં અમરેલીમાં ૯.૪, ભુજમાં ૯.૮ અને ડિસામાં ૮.૪ ડીગ્રી,પોરબંદરમાં ૧૦.૨, વેરાવળમાં ૧૪.૩, અમદાવાદમાં ૧૨.૫, વડોદરામાં ૧૨.૮, દમણમાં ૧૬.૨ દિવમાં ૧૫, દ્વારકામાં ૧૨.૨ તથા ગાંધીનગરમાં ૧૧, કંડલામાં ૧૨ તથા ઓખામાં ૧૫.૮ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# જુનાગઢની ઘોડાસરા કોલેજમાં વસંત પંચમીની ઉજવણી



જુનાગઢ,

જુનાગઢની પટેલ કેળવણી મંડળ સંચાલીત એમ.એમ. ઘોડાસરા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે દિન વિશેષ શ્રેણી અંતર્ગત તા.૨૩-૧ના રોજ વસંતપંચમીની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ.ડો. દિનેશભાઈ ડઢાણીયાએ જણાવ્યું હતું કે વસંતપંચમી એટલે વિદ્યાની દેવી, જ્ઞાનની દેવી, માતા સરસ્વતીનો પ્રાગટ્ય દિવસ છે. કહેવાય છે કે માતા સરસ્વતીની કૃપાદ્રષ્ટી હોય તો મુર્ખ માણસ પણ પંડીત બની જાય છે. વસંતપંચમી એટલે પાનખરની વિદાય અને ૠતુરાજ વસંતનું આગમન ધાર્મિક રીતે વ્રત, ઉપવાસ કરવા ઉપરાંત ભગવાન વિષ્ણુની પૂજા કરવાનું પણ આ દિવસે મહત્વ છે.પ્રથમ માં સરસ્વતીનું પુષ્પ પૂજન વંદન પ્રિ.ડો. દિનેશભાઈ ડઢાણીયાએ કર્યું હતું અને ત્યાર પછી સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીનીઓએ પણ પૂજન કરી વસંતપંચમીની ભાવભરી ઉજવણી કરી. આ સમગ્ર આયોજન બદલ પટેલ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી કાન્તીભાઈ ફળદુ, પ્રમુખ સવજીભાઈ મેનપરા, અને કોલેજ કમિટીના ઈન્ચાર્જ રતીભાઈ ભુવાએ અભિનંદન પાઠવ્યા હતા.

# સોમનાથ ખાતે હેન્ડબોલ સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓએ ૨૧-૯થી પંજાબને હરાવ્યું

## વિજેતા અને રનર્સઅપ ટીમના ખેલાડીઓને મેડલ અને મોમેન્ટોથી સન્માનિત કરાયાં

મિતેશ પરમાર, વેરાવળ,

સોમનાથમાં પ્રથમ વખત 'સદભાવના મેદાન' ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં પંજાબને હરાવી અને ગુજરાતે અંડર-૧૭ ગર્લ્સની ટીમે રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધાના ચેમ્પિયનનો ખિતાબ પોતાના નામે કર્યો હતો.

તા.૧૯ જાન્યુઆરીથી ગુજરાતની જ મેચથી અંડર-૧૭ ગર્લ્સની મેચનો પ્રારંભ થયો હતો અને અંતે ગુજરાત અને પંજાબ વચ્ચેની ફાઈનલ મેચથી સ્પર્ધાનો રોમાંચક અંત આવ્યો હતો. ગુજરાત અને પંજાબ વચ્ચેની મેચમાં ગુજરાતના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતા ૨૧-૯થી પંજાબને હરાવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર અને કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય અને સોમનાથ મંદિરના જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડાએ આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને રહેલી ગુજરાતની ટીમ, દ્વિતિય સ્થાને રહેલી પંજાબની ટીમ અને તૃતિય સ્થાન મેળવેલી ઉત્તરપ્રદેશની ટીમના ખેલાડીઓને મેડલ પહેરાવી અને મોમેન્ટોથી સન્માનિત કર્યા હતાં. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રમતગમત, યુવા, સાંસ્કૃતિઓ વિભાગના સહયોગથી ૬૯મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં વિવિધ રાજ્યોના ૬૦૦ ખેલાડીઓએ પોતાનું

કૌશલ્ય દાખવ્યું હતું. પ્રેક્ષકોએ પણ ઉત્સાહપૂર્વક રમત નિહાળી હતી.

ઉલ્લેખનીય છે કે, પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે પ્રથમ વખત રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, રાજસ્થાન, પંજાબ, મણીપુર, મધ્યપ્રદેશ, કેરળ, કર્ણાટક, ઝારખંડ, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશના ખેલાડીઓએ પોતાનું કૌશલ્ય દાખવ્યું હતું. વધુમાં, 'રાષ્ટ્રીય દીકરી દિવસ' નિમિત્તે 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત રમતગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવેલી તમામ ખેલાડીઓને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. સ્પર્ધાના નોડલ ઓફિસર શ્રી વિસ્મય વ્યાસે આભારવિધિ કરતા ખેલદીલીપૂર્વક રમત રમવા માટે ખેલાડીઓનો અને ખેલાડીઓને પૂરી પાડવામાં આવેલી સગવડતાઓ બદલ વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ મેડલ સેરેમનીમાં જિલ્લા રમતગમત અધિકારી શ્રી વિશાલ દિહોરા, જિલ્લા રમતવિકાસ અધિકારી શ્રી કાનજીભાઈ ભાલિયા, જિલ્લા વ્યાયામ મંડળ પ્રમુખ શ્રી અર્જુનભાઈ પરમાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઓબ્ઝર્વર્સ, ફિલ્ડ ઓફિસર્સ, કોચ, મેનેજર અને ટીમના ખેલાડીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે, અંડર-૧૯ ભાઈઓ માટે તા.૨૭ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી લીગ અને નોકઆઉટ સ્પર્ધાઓ યોજાશે.

# અમદાવાદ-વિરમગામ સેક્શન પર ઓટોમેટિક સિગ્નલિંગ કામગીરીને કેટલીક ટ્રેનો પ્રભાવિત

રાજકોટ,

અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-વિરમગામ સેક્શનમાં આવેલ સાબરમતી એ કેબિન અને સાબરમતી સ્ટેશનો વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમના કમિશનિંગ કામ માટે બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

રદ કરવામાં આવેલી ટ્રેનોમાં ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ તારીખ ૨૭.૦૧.૨૦૨૬ અને ૨૮.૦૧.૨૦૨૬ના રોજ રદ રહેશે. +ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ તારીખ ૨૬.૦૧.૨૦૨૬ અને ૨૭.૦૧.૨૦૨૬ના રોજ રદ રહેશે.આંશિક રીતે રદ કરવામાં આવેલી ટ્રેનોમાં ટ્રેન નંબર ૨૨૯૨૬ ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ તારીખ ૨૭.૦૧.૨૦૨૬ના રોજ સાબરમતી-અમદાવાદ વચ્ચે એક ટ્રિપ માટે આંશિક રીતે રદ રહેશે.

આ ટ્રેન તેના નિર્ધારિત રૂટ વાયા વિરમગામ-સાણંદ-સાબરમતી-અમદાવાદને બદલે પરિવર્તિત માર્ગ વાયા વિરમગામ-કટોસણ રોડ-કલોલ-સાબરમતી માર્ગ પરથી દોડશે. આ દરમિયાન આ ટ્રેનને સાણંદ અને સાબરમતી જંકશન પર સ્ટોપેજ આપવામાં આવશે નહીં અને સાબરમતી બીજી (બ્રોડ ગેજ) સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવશે.

આ ટ્રેન સાબરમતી જંકશનને બદલે સાબરમતી (બીજી) સ્ટેશન પર યાત્રા પૂર્ણ કરશે.રેલવે મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી મેળવવા માટે વેબસાઈટ પર તપાસ કરે જેથી કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

# ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રીના અધ્યક્ષ સ્થાને ખાંભા મુકામે જિલ્લાકક્ષા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી થશે

## પ્રજાસત્તાક પર્વની ઉજવણી પૂર્વે જિલ્લા કલેક્ટરે આખરી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું - પરેડ નિરીક્ષણ, માર્ચ પાસ્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમનું રિહર્સલ યોજાયું





અમરેલી:

ભારતના ૭૭માં 'પ્રજાસત્તાક પર્વ'ની ઉજવણી – જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને ચલાલા-ખાંભા રોડ, જીઓ પેટ્રોલ પંપની સામે, ખાંભા મુકામે યોજાનાર છે. આજરોજ જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજે 'પ્રજાસત્તાક પર્વ'ની ઉજવણી પૂર્વે આખરી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. 'પ્રજાસત્તાક પર્વ'ની ઉજવણી પૂર્વે પ્રોટોકોલ મુજબ સમગ્ર કાર્યક્રમનું ક્રમશ: રિહર્સલ યોજાયું હતું.

રિહર્સલના ભાગરૂપે જિલ્લા કલેક્ટરશ્રીએ પરેડ નિરીક્ષણ કર્યું હતું. સાથે પોલીસ જવાનોની માર્ચ પાસ્ટ પણ યોજાઈ હતી. ઉપરાંત દેશભક્તિ-શૌર્ય-સંસ્કૃતિને પ્રદર્શિત કરતી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ૭૭માં 'પ્રજાસત્તાક પર્વ'ની ઉજવણી નિમિત્તે જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા આરોગ્ય, પ્રાકૃતિક કૃષિ સહિતના વિષયોની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવશે.

ભારતની સૌથી મોટી શક્તિ તેની વિવિધતામાં એકતા છે. ભારતના અનેક સ્વાતંત્ર્યવીરો-વીરાંગનાઓએ દેશની આઝાદીમાં પોતાનું અનન્ય બલિદાન આપ્યું છે. ભારતના બંધારણ ઘડવૈયાઓએ દૂરંદેશી સાથે બંધારણ ઘડતર કરીને દેશને ચોક્કસ દિશા આપી છે. તા. ૨૬મી જાન્યુઆરી,૧૯૫૦ના રોજ ભારતના બંધારણને માન્યતા મળતાંની સાથે જ વિશ્વની સૌથી મોટી અને સમૃદ્ધ લોકશાહી અસ્તિત્વમાં આવી હતી. ભારતનું લેખિત બંધારણ ભારતની લોકશાહીને ગૌરવાંવિત કરી રહ્યું છે. ભારત સતત અને અવિરત વિકાસના નવા આયામો સર કરી રહ્યું છે. આવો, સૌ જિલ્લાકક્ષાની ૭૭માં ગણતંત્ર-પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી બનીને "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ની શક્તિને વધુ બળવાન બનાવીએ.

## રાજકોટ જિલ્લાકક્ષાના ૭૭મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી

રાજકોટ,

રાજકોટ જિલ્લાના જેતપુરમાં હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે જિલ્લાકક્ષાનો ધ્વજવંદન સમારોહ તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૦૯ કલાકે યોજાશે. જેમાં ગુજરાત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ અને પ્રોટોકોલ તેમજ રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ તકે પરેડ નિરીક્ષણ, માર્ચ પાસ્ટ, સ્વતંત્રતા સેનાનીઓ અને વિશિષ્ટ કામગીરી કરનારા વ્યક્તિઓનું સન્માન કરાશે. તેમજ સાંસ્કૃતિક કૃતિઓ અને ટેબ્લો પ્રદર્શિત કરાશે.

# વેરાવળમાં ૯,૪૦૦ મતદારોના નામ રદ કરવા ફોર્મ ભરાયાના આક્ષેપ

## ધારાસભ્ય વિમલ ચુડાસમાએ તંત્ર સામે મોરચો માંડ્યો

વેરાવળ:

વેરાવળ શહેરમાં મતદાર



યાદીમાંથી આશરે ૯,૪૦૦ મતદારોના નામો રદ કરવા માટે ફોર્મ નંબર-૭ ભરવામાં આવ્યા હોવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાને પગલે રાજકીય અને વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.આ મુદે સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ તંત્ર સામે ખુલ્લેઆમ મોરચો ખોલ્યો છે. તેમણે લોકશાહીના મૂળ આધાર ગણાતી મતદાર યાદી સાથે ચેડાં થઈ રહ્યા હોવાના આક્ષેપો કર્યા છે.

ધારાસભ્ય ચુડાસમાએ વેરાવળના પ્રાંત અધિકારીને પત્ર લખી આ મામલે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આ પત્રની નકલ તેમણે જિલ્લા કલેક્ટર અને ગાંધીનગર સ્થિત મુખ્ય ચૂંટણી અધિકારીને પણ મોકલી છે, જે આ મુદ્દાની ગંભીરતા દર્શાવે છે.પત્રમાં ધારાસભ્યએ સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે મતદાર યાદીમાંથી નામો કાઢવા માટે ઉપયોગમાં લેવાતા ફોર્મ નંબર-૭નો દુરુપયોગ થઈ રહ્યો છે. તેમણે શંકા વ્યક્ત કરી છે કે કોઈ ચોક્કસ જ્ઞાતિ અથવા રાજકીય પક્ષના સમર્થકોને આયોજનબદ્ધ રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

# જુનાગઢમાં વ્હેલ માછલીની ૧ કરોડની ઉલ્ટી સાથે પાલીતાણાનો શખ્સ ઝડપાયો

જુનાગઢ,
જૂનાગઢ રેન્જ,નાં પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તથા જુનાગઢ પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાની સૂચના અને માર્ગદર્શન મુજબ જીલ્લામાં ગેરકાયદેસર પ્રવળતી કરતા ઈસમો ઉપર વોચ રાખી કાર્યવાહી કરવા માટે ખાસ સુચના આપેલ જે અન્વંયે એસ.ઓ.જી. જૂનાગઢના પોલીસ ઈન્સ.શ્રી આર.કે.પરમાર તથા તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નાશીલ હતા. પોલીસ ઈન્સ આર.કે.પરમારની સુચના આધારે એસ.ઓ.જીના પો.હેડ કોન્સ. મેણસીભાઈ અખેડ, અનિરૂધ્ધભાઈ વાંક તથા પો.કોન્સ. રોહિતભાઈ ધાધલ, વિશાલભાઈ ઓડેદરા નાઓ જુનાગઢ ખડીયા રોડ ઉપર પાદરીયા ગામના રેલ્વેના પાટા પાસે શીવ મંદીર સામે રોડ ઉપર પહોંચતા સંયુકતમાં ખાનગી રીતે બાતમી હકિકત મળેલ કે, એક ઈસમ વ્હેલ માછલીની ઉલ્ટી(એંબરગ્રીસ) જેવો મુલ્યવાન પદાર્થનો જથ્થો પોતાની પાસે રાખી ચોરી છુપીથી શંકાસ્પદ રીતે વેચાણ કરવા સારૂ વીજાપુરના પાટીયા પાસે એક સફેદ કલરની થેલી લઈ ઉભેલ છે. જે હકીકતને આધારે વિજાપુર બસ સ્ટેન્ડ ખાતે જઈ તપાસ કરતા આરોપી પંકજ નાથાલાલ કુબાવત, બાવાજી ઉવ.૭૨ ધંધો.ડ્રાઈવીંગ રહે,બહારપરા વિસ્તાર, પાલીતાણા જી.ભાવનગર વાળાને ઝડપી પાડી તેની પાસે રહેલ સફેદ કલરની પ્લાસ્ટીકની થેલી અંદર કાળા કલરના પ્લાસ્ટીકનું ઝભલામાં અનિયમીત આકારના નાના મોટા સફેદ-પીળા કલરના ટુકડાઓ તથા ભુક્કો મળી આવેલ જે ટુકડાઓ મળી આવતા મજકુર ઈસમે વ્હેલ



માછલીની ઉલ્ટી (અંબરગ્રીસ) વજન ૧,૦૨૫ કિલોગ્રામ જેની ઈન્ટરનેશનલ માર્કેટ કિ.રૂ.૧,૦૨,૫૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જેં કરવામાં આવેલ છે.

આરોપીની પુછપરછ કરતા જણાવેલ કે, વ્હેલ માછલીની ઉલ્ટી વેચાણ કરવા સારૂ ગ્રાહક શોધતા-શોધતા નીકળેલ હોવાની હકિકત જણાવેલ હોય.આરોપીને આગળની કાર્યવાહી કરવા સારૂ જુનાગઢ તાલુકા પો.સ્ટે. સોપવામાં આવેલ છે તેમજ આગળની તપાસની કાર્યવાહી ગુજરાત ફોરેસ્ટ વિભાગ ડુંગર દક્ષીણ રેન્જ. જુનાગઢને સોંપવા તજવીજ કરેલ છે.પોલીસે વહેલ માછલીની ઉલ્ટી (અંબરગ્રીસ) વજન ૧.૦૨૫ કિલોગ્રામ જેની ઈન્ટરનેશનલ માર્કેટ કિ.રૂ.૧,૦૨,૫૦,૦૦૦/- તથા વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦/ - મળી કુલ કિ.રૂ.૧,૦૨,૬૦,૦૦૦/- નો મુદ્દામાલ પકડી પાડેલ છે.

આ કામગીરી એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્. આર.કે.પરમાર તથા એ.એસ.આઈ. મહેન્દ્રભાઈ કુવાડીયા, કરશનભાઈ મોઢા, જીતેન્દ્રસિંહ ચૌહાણ તથા પો.હેડ કોન્સ. મેણસીભાઈ અખેડ, અનિરૂધ્ધભાઈ વાંક, પ્રતાપભાઈ રોખવા, બાલુભાઈ બાલસ તથા પો.કોન્સ. રોહિતભાઈ ધાધલ, વિશાલભાઈ ઓડેદરા, રવિરાજભાઈ વાળા તથા ડ્રા.પો.હેડ કોન્સ. જયેશભાઈ બકોત્રા તથા ડ્રા.પો.કોન્સ. પરબતભાઈ દિવરાણીયા વિગેરેએ કરી હતી

# જુનાગઢમાં મોબાઇલ નામની દુકાનમાંથી ફોનની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

જુનાગઢઃ
એ ડિવી. પોલીસ સ્ટેશન મુજબના ગુનાના ફરિયાદી મહેન્દ્રભાઈ ધનશ્યામભાઈ હેમાણીની એમ.જી. રોડ ખાતે આવેલ આઈ.જી. મોબાઈલ નામની દુકાનમાંથી કોઈ અજાણ્યા ઈસમ ટેબલના ખાનામાંથી ઓપો રેનો ૧૧ મોબાઈલ ચોરી કરી લઈ ગયેલ હોય જે બાબતનો વણ શોધાયેલ ગુનો જાહેર થયેલ.જેમાં મેહુલ પ્રવિણભાઈ સોલંકી જાતે દે.પુ. ઉ.વ.૩૪, રહે. જુનાગઢ કેમ્બ્રીજ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી બ્લોક નં. ૬ ને પકડી પાડેલ છે.

આ કામગીરી પો.સબ.ઈન્સ.વાય.એન.સોલંકી તથા એ.એસ.આઇ. ભદ્રેશભાઇ રવૈયા તથા પો.કોન્સ.કલ્પેશભાઇ ચાવડા, તથા અનકભાઇ બોધરા તથા હિતેશભાઇ જિલડીયા તથા પો. સ્ટાફે સાથે રહી ટીમવર્કથી કામગીરી કરવામાં આવેલ છે. નેત્રમ શાખાના પો. સબ. ઈન્સ. એચ.પી. મકવાણા તથા પો. કોન્સ. વિજયભાઈ છૈયાનાએ કરી હતી.

# જુનાગઢ મનપા કમિશનરના અધ્યક્ષ સ્થાને સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



મિતેશ પરમાર, વેરાવળ,
મ્યુનિસિપલ કમિશનર શ્રી તેજસ પરમારના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેકટર કચેરી ખાતે ધારાસભ્ય સવશ્રી અરવિંદભાઈ લાડાણી, શ્રી ભગવાનભાઈ બારડ, શ્રી ગોપાલભાઈ ઈટાલીયાની ઉપસ્થિતિમાં આ બેઠકમાં પ્રજાકીય પ્રશ્નોના સકારાત્મક ઉકેલ માટે વિગતવાર ચર્ચા અને પરામર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી મ્યુનિસિપલ કમિશનરશ્રીએ લોકોના પ્રશ્નોનું ઝડપભેર ઉકેલ આવે તે દિશામાં કાર્યવાહી કરવા માટે જરૂરી માર્ગદર્શન સાથે સૂચનાઓ આપી હતી, તેમણે ધારાસભ્યશ્રીઓએ ઉપસ્થિત કરેલા પ્રશ્નોને સકારાત્મક અભિગમ સાથે નિરાકરણ કરવા ઉપરાંત પ્રજાકીય પ્રશ્નોનું સમય મર્યાદામાં નિવારણ થાય તે માટે કચેરી-વિભાગો વચ્ચે પરસ્પર સંકલન સાધીને કામગીરી કરવા માટે નિર્દેશ આપ્યા હતા.

આ બેઠકમાં જનપ્રતિનિધિશ્રીઓએ ગ્રામ્ય અને વન વિભાગ હેઠળના રસ્તાઓના મરામત તથા નવીનીકરણ, પાકવીમા, વીજળી, ગ્રામ પંચાયતનું નિર્માણ, જર્જરીત ટાંકીઓને દૂર કરવી, ટેકાના ભાવની ખરીદીનું સમયસર ચુકવણું, સાસણ ખાતે પોલીસ સ્ટેશન શરૂ કરવા, મનરેગા યોજના સહિતના પ્રજાકીય પ્રશ્નો રજૂ કર્યા હતા, આ સંદર્ભમાં સલગ્ન અધિકારીશ્રીઓએ પણ પ્રશ્નોના નિવારણ અર્થેના પ્રત્યુતર પાઠવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા શ્રી સુબોધ ઓડેદરા, નિવાસી અધિક કલેકટર સુશ્રી બી. એસ. બારડ, આસિસ્ટન્ટ કલેકટર શ્રી વંદના મીણા, આસિસ્ટન્ટ કલેકટર શ્રી પ્રતીક જૈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી.એ. જાડેજા સહિતના જિલ્લા સંકલન સમિતિના સભ્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ એસ.ટી ડેપોના ડ્રાઈવર કન્ડક્ટર સહિતના સ્ટાફ માટે મેડિકલ કેમ્પ યોજાયો




મિતેશ પરમાર, વેરાવળ,
"નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૬" ની ઉજવણીના ભાગરૂપે વેરાવળ એસ.ટી.ડેપો ના ડ્રાઈવર, કંધડક્ટર સહિતનો સ્ટાફ માટે મેડિકલ કેમ્પ યોજાયો હતો. વેરાવળ આદિત્ય બિરલા હોસ્પિટલ અને જન સેવા ટ્રસ્ટના સહયોગથી એસ.ટી. ડેપો ના ડ્રાઈવર, કંધડક્ટર, મિકેનીક, વહીવટી, ટ્રાફિક તેમજ એપ્રેન્ટિસ સ્ટાફની આંખની તપાસ, બીપી, સુગર સહિતની તપાસ કરવામાં આવી હતી.જેમાં ડો. અસ્કા પટેલ, ડો. તન્વી તેમજ ટીમ દ્વારા આંખ, સુગર, બીપી ની તપાસ કરી જરૂરી દવા આપવામાં આવી હતી. આ કેમ્પમાં એસ.ટી. ડેપોના ૭૭ કર્મચારીઓની તપાસ કરવામાં આવી હતી. તેમ ડેપો મેનેજર દિલીપ શામળા એ જણાવ્યું હતું.




















સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## એસઆઇઆરમાં શું સમાવવું જોઈએ? સામાન્ય લોકોને વાજબી તક મળવી જોઈએ

ઉત્તર પ્રદેશમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન માટેનો ડ્રાફ્ટ રોલ બહાર પાડવામાં આવ્યો છે, જેમાં ૨.૮૯ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા છે. ચૂંટણી પંચે કાઢી નાખવાના કારણો સમજાવ્યા છે, પરંતુ લોકોને દાવાઓ અને વાંધાઓ માટે સરળ પ્રક્રિયાની જરૂર છે.એસઆઇઆર બિહારમાં હાથ ધરવામાં આવ્યો હતો, જ્યાં પ્રારંભિક યાદીમાંથી ૬૫ લાખ નામો કાઢી નાખવામાં આવ્યા હતા.ઘણા રાજકીય વિવાદ અને વિસ્તૃત સમયમર્યાદા પછી, આખરે ઉત્તર પ્રદેશમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન માટેનો ડ્રાફ્ટ રોલ બહાર પાડવામાં આવ્યો છે. ચૂંટણી પંચે જણાવ્યું છે કે પ્રથમ તબક્કા પછી ૨.૮૯ કરોડ નામો કાઢી નાખવાની અપેક્ષા હતી. અત્યાર સુધી જે ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ડ્રાફ્ટ રોલ બહાર પાડવામાં આવ્યા છે તેમાંથી કુલ ૩.૬૯ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા છે. ડ્રાફ્ટ રોલ અંતિમ નથી. લોકો પાસે હજુ પણ દાવા અને વાંધા દાખલ કરવાની તક છે, પરંતુ પ્રક્રિયા સરળ અને સામાન્ય નાગરિકને સમાવિષ્ટ હોવી જોઈએ. બિહારનું ઉદાહરણ. પ્રથમ તબક્કામાં ૨૮.૯ મિલિયન નામો કાઢી નાખવામાં આવ્યા: એસઆઇઆર બિહારમાં હાથ ધરવામાં આવ્યું હતું. ત્યાં જાહેર કરાયેલી પ્રારંભિક યાદીમાં ૬.૫ મિલિયન નામો કાઢી નાખવામાં આવ્યા હતા, જેના કારણે નોંધપાત્ર હોબાળો થયો હતો. જ્યારે યાદીમાં સુધારો કરવામાં આવ્યો ત્યારે ૧.૭૯ મિલિયન મતદારો ઉમેરવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોમાં પણ આવા જ ફેરફારો જોવા મળી શકે છે જ્યાં વાંધા લેવામાં આવી રહ્યા છે અથવા લેવામાં આવશે.બંગાળમાં વિવાદો. જરૂરી ચૂંટણી પ્રક્રિયા હોવા છતાં, એસઆઇઆર અંગે અસંખ્ય વિવાદો ચાલુ રહ્યા છે. કમનસીબે, જે રાજ્યોમાં બીજા તબક્કા માટે ડ્રાફ્ટ યાદીઓ બહાર પાડવામાં આવી છે, ત્યાં પણ વિવાદો ચાલુ છે. બંગાળમાં ખાસ કરીને અસંતોષ વધુ છે. રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હવે એસઆઇઆરમાં ઉપયોગમાં લેવાતા સોફ્ટવેર અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમની પાર્ટી, ટીએમસી પણ મતદારોના મેપિંગમાં ભૂલોનો આરોપ લગાવી રહી છે જેમના નામ યાદીમાંથી ગુમ છે. લોકોને મદદ કરવી. ચૂંટણી પંચે આ નામો કાઢી નાખવાના કારણો સમજાવતો ડેટા જાહેર કર્યો છે. આ સ્પષ્ટતા સારી છે, પરંતુ જેમના નામ ખૂટે છે તેમને તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવા માટે શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવી જોઈએ. રાજકીય પક્ષોની પણ જવાબદારી છે કે તેઓ જનતાને દાવાઓ અને વાંધા દાખલ કરવામાં અને તેમના નામોની તપાસ કરવામાં મદદ કરે. બિહાર જૈંઇ સંબંધિત મુદ્દાઓ પર સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોની નિષ્ક્રિયતા પર આશ્ચર્ય વ્યક્ત કર્યું અને પૂછ્યું કે સ્થાનિક પક્ષના કાર્યકરો અને જનતા વચ્ચે આટલો અંતર કેમ છે. સહિયારી જવાબદારી. લગભગ ૨૧ વર્ષ પહેલાં થયેલા એસઆઇઆરની યાદો હવે ઝાંખી પડી ગઈ છે, કારણ કે તે સમયે આટલો અવાજ નહોતો. કદાચ આ બદલાયેલી રાજકીય પરિસ્થિતિઓને કારણે છે. હવે ચૂંટણી પંચની જવાબદારી છે કે તે ખાતરી કરે કે આ અવાજ ચૂંટણી ઉજવણી પર પડછાયો ન પડે અને જનતાનો સિસ્ટમ પરનો વિશ્વાસ નષ્ટ ન થાય.

# ગુજરાત સરકાર દ્વારા એક અનોખી રજૂઆતઃ ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઝાંખીમાં વંદે માતરમ અને રાષ્ટ્રધ્વજનું ગૌરવ દર્શાવવામાં આવશે

૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં, ગુજરાત નવી દિલ્હીમાં વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે "ઓન ધ પાથ ઓફ ડ્યુટી" નામની એક અનોખી ઝાંખી રજૂ કરશે. આમાં રાષ્ટ્રધ્વજના બદલાતા સ્વરૂપ અને ઇતિહાસની રસપ્રદ રજૂઆત શામેલ હશે. એ નોંધનીય છે કે વંદે માતરમ એક એવો મંત્ર છે જે દરેક ભારતીયમાં સ્વદેશી, આત્મનિર્ભરતા અને સ્વતંત્રતાની ભાવના જાગૃત કરે છે.

પ્રજાસત્તાક દિવસના ઝાંખીમાં ગુજરાતના નવસારીમાં જન્મેલા મેડમ ભીકાજી કામા દ્વારા ડિઝાઇન કરાયેલા ભારતીય ધ્વજની ભવ્ય વાર્તા પણ દર્શાવવામાં આવશે, જેમણે ગુર્જર ક્ષેત્રના તેમના પ્રખ્યાત સાથી ક્રાંતિકારીઓ - શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદાર સિંહ રાણા સાથે મળીને વિદેશી ધરતી પરથી ક્રાંતિની જ્યોત પ્રગટાવી હતી. આ ધ્વજ પર વંદે માતરમ લખેલું છે અને તે વર્તમાન આત્મનિર્ભર ભારત અભિયાનની એક અનોખી છાપ ધરાવે છે, સાથે જ ગાંધીજીની સ્મૃતિ પણ છે, જેમણે ચરખા દ્વારા સ્વદેશીનો મંત્ર આપ્યો હતો.

ટેબ્લોના આગળના ભાગમાં બહાદુર મેડમ ભીકાજી કામા તેમના દ્વારા ડિઝાઇન કરાયેલ ધ્વજ પકડીને દર્શાવે છે, જેના પર વંદે માતરમ લખેલું છે. તે સૌપ્રથમ ૧૯૦૭માં પેરિસમાં વિદેશી ધરતી પર ફરકાવવામાં આવ્યું હતું. આ ધ્વજ જર્મની અને બર્લિનના સ્ટુટગાર્ટમાં ભારતીય સમાજવાદી પરિષદમાં પણ ફરકાવવામાં આવ્યો હતો. મેડમ કામાની ધ્વજ લહેરાવતી પ્રતિમા નીચે, બંધારણમાં સૂચિબદ્ધ બધી ભારતીય ભાષાઓમાં વંદે માતરમ લખેલું છે.

ટેબ્લોનો મધ્ય ભાગ રાષ્ટ્રધ્વજની રચના, પરિવર્તન અને ઇતિહાસ દર્શાવે છે. તે ૧૯૦૬ માં શરૂ થાય છે, જ્યારે કોલકાતાના પારસી બાગાનમાં ક્રાંતિકારીઓએ વંદે માતરમ લખેલો ધ્વજ ફરકાવ્યો હતો, જેમાં વિદેશી માલ બાળવા અને સ્વદેશીના પ્રચાર માટે હાકલ કરવામાં આવી હતી. ૧૯૧૭માં, હોમ રૂલ ચળવળ દરમિયાન, ડો. એની બેસન્ટ અને બાલ ગંગાધર તિલક દ્વારા એક નવો ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ દરમિયાન, ૧૯૨૧માં, બેઝવાડા (હવે વિજયવાડા) માં, યુવાન ક્રાંતિકારી પિંગલી વેંકૈયાએ એક નવી ધ્વજ ડિઝાઇન બનાવી અને તેને ગાંધીજીને રજૂ કરી.

૧૯૩૧માં, પિંગલી દ્વારા ડિઝાઇન કરાયેલ ધ્વજ લગભગ મંજૂર કરવામાં આવ્યો હતો, જેમાં ત્રણ રંગોનો સમાવેશ થતો હતો અને તેના કેન્દ્રમાં એક ચરખો હતો. અંતે, ૨૨ જુલાઈ, ૧૯૪૭ના રોજ, ભારતીય બંધારણ સભાએ તેના વર્તમાન સ્વરૂપમાં ત્રિરંગાને અપનાવ્યો, જેમાં ચરખો બદલીને ધ્વજના કેન્દ્રમાં ધર્મ ચક્ર મૂકવામાં આવ્યું. આ ટેબ્લો વર્તમાન રાષ્ટ્રધ્વજની રચનાની સફર, ભારતની સ્વતંત્રતા તરફ દોરી જતી મહત્વપૂર્ણ ચળવળોને દર્શાવે છે.ટેબ્લોના અંતિમ ભાગમાં મહાત્મા ગાંધીની શિલ્પકૃતિ દર્શાવવામાં આવી છે, જેણે ચરખો દ્વારા સ્વદેશી અને આત્મનિર્ભરતાની ભાવનાને જાગૃત કરી હતી અને સ્વતંત્રતા માટે હાકલ કરી હતી, જેમાં એક વિશાળ ધર્મ ચક્રનો સમાવેશ થાય છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલમાં સ્વદેશી, આત્મનિર્ભરતા અને સ્વતંત્રતાના આ શક્તિશાળી મૂલ્યોને પ્રોત્સાહન આપી રહ્યા છે.

રાષ્ટ્રીય કવિનું બિરુદ મેળવનારા અને દેશની સ્વતંત્રતા માટે પોતાનું સર્વસ્વ બલિદાન આપનારા બહાદુર પુત્રોને યાદ કરીને રાષ્ટ્રીય ચેતના જાગૃત કરનારા ગુજરાતી લેખક ઝવેરચંદ મેઘાણી દ્વારા રચિત "કસુંબી નો રંગ" ગીતના લય અને ધબકારાથી કલાકારો શ્રોતાઓને પ્રેરણા આપીને ટેબ્લોને જીવંત અને જીવંત બનાવી રહ્યા છે.પ્રજાસત્તાક દિવસ પરેડમાં કુલ ૩૦ ટેબ્લો પ્રદર્શિત કરવામાં આવશે, જેમાં કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૩ ટેબ્લોનો સમાવેશ થાય છે. યુરોપિયન યુનિયનના બે વરિષ્ઠ નેતાઓ - યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા - ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે.ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રસ્તુત, આ ટેબ્લો માહિતી અને પ્રસારણ સચિવ ડો. વિક્રાંત પાંડે, માહિતી કમિશનર કિશોર બચાની અને અધિક નિયામક અરવિંદ પટેલ દ્વારા સંયુક્ત માહિતી નિયામક ડો. સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક ભાવના વસાવાના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવી રહ્યા છે.

# ધનુષ અને મૃણાલ ઠાકુરે લગ્ન કર્યા, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ



ધનુષ અને મૃણાલ ઠાકુર ડેટિંગ કરી રહ્યા છે, અને થોડા દિવસો પહેલા, સોશિયલ મીડિયા પર એવી અફવાઓ ફેલાઈ હતી કે આ કપલ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ લગ્ન કરશે. જો કે, મૃણાલના નજીકના એક સૂત્રએ આ અહેવાલોને નકારી કાઢ્યા હતા.

હવે, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં ધનુષ અને મૃણાલ દક્ષિણ ભારતીય લગ્ન વિધિઓ સાથે લગ્ન કરી રહ્યા છે. ધનુષ અને મૃણાલના લગ્નનો આ વીડિયો વ્યાપક ચર્ચા જગાવી રહ્યો છે.

ધનુષ અને મૃણાલના લગ્નમાં ત્રિશા, શ્રુતિ હાસન, અનિરુદ્ધ રવિચંદર, અજીત કુમાર, દુલ્કર સલમાન અને થલાપતિ વિજય જેવી હસ્તીઓ હાજર રહી હતી. ભલે તે વાસ્તવિક લગ્નનો વીડિયો લાગે, પણ સત્ય એ છે કે તે એક એઆઇ-જનરેટેડ વીડિયો છે. વાયરલ થઈ રહેલા મૃણાલ ઠાકુર અને ધનુષના એઆઇ લગ્નના વીડિયો પર નેટીઝન્સ પ્રતિક્રિયા આપી રહ્યા છે, જેમાં વિવિધ નેટીઝન્સ તરફથી વિવિધ પ્રતિક્રિયાઓ આવી રહી છે. વીડિયો પર પ્રતિક્રિયા આપતા, એક નેટીઝને ટિપ્પણી કરી, "શાનદાર એઆઇ કાર્ય... અજિત આ તારીખે દુબઈમાં હતો." બીજા એક ઇન્સ્ટાગ્રામ યુઝરે લખ્યું, "લગ્ન બરાબર છે, યાર... જુઓ વિજય અજીત બધું પાછળ કેવી રીતે ઉભો છે." બીજા એક નેટીઝને ટિપ્પણી કરી, "ધનુષ પોતે આઘાતમાં છે."

થોડા દિવસો પહેલા, એક સૂત્રએ જણાવ્યું હતું, "મૃણાલ આવતા મહિને લગ્ન નથી કરી રહી. આ એક અફવા ફેલાઈ છે." ફેબ્રુઆરીમાં તેની એક ફિલ્મ રિલીઝ થવાની છે. તે શા માટે લગ્ન કરશે? અને પછી માર્ચમાં તેની બીજી તેલુગુ ફિલ્મ રિલીઝ થવાની છે.


મૃણાલ પાસે ઘણી રસપ્રદ ફિલ્મો છે, જેમ કે "દો દીવાને સેહર મેં," "ડકૈતઃ અ લવ સ્ટોરી," "હૈ જવાની તો ઇશ્ક હોના હૈ," અને "પૂજા મેરી જાન." દરમિયાન, ધનુષ ટૂંક સમયમાં વિગ્નેશ રાજા દ્વારા નિર્દેશિત "કારા" માં જોવા મળશે.

# બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણીનો જંગ રોમાંચક બન્યો; અજિત લેલેની જાહેરાતથી વિરોધી ખેમામાં ફફડાટ

બરોડા ક્રિકેટ એસોસિયેશનનો ૪૦ કરોડનો વહીવટ માટે મોટો જંગ ચાલી રહ્યો છે. વડોદરામાં ક્રિકેટ પોલિટિક્સ વચ્ચે હવે તોડજોડ અને સમાધાનનું રાજકારણ શરૂ થયું છે. બે દિવસ પહેલા બરોડા ક્રિકેટ એસો.ની ચૂંટણીમાં રોયલ અને સત્યમેવ જયતે ગ્રુપ એકસાથે આવ્યું હતું. ત્યારે હવે રોયલ ગ્રુપના અજિત લેલેએ રિવાઈવલ ગ્રુપને સમર્થન જાહેર કરતા નવા સમીકરણો રચાયા છે.

વડોદરામા બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણી પહેલા નવા સમીકરણો રચાયા છે. રોયલ ગ્રુપના અજિત લેલેએ રિવાઈવલ ગ્રુપને સમર્થન જાહેર કર્યું છે. બે દિવસ અગાઉ જ રોયલ અને સત્યમેવ જયતે ગ્રુપ વચ્ચે ગઠબંધન થયા બાદ રાજકીય સમીકરણો બદલાયા હતા. ત્યારે હવે રિવાઈવલ ગ્રુપના પ્રણવ અમીન અને કિરણ મોરેને અજિત લેલેનો સાથ મળતા ચૂંટણી જંગ રોમાંચક બન્યો છે. બરોડા ક્રિકેટ એસોસિયેશનના વર્તમાન સેક્રેટરી અજિત લેલેની જાહેરાતથી વિરોધી ખેમામાં ફફડાટ ફેલાયો છે. દિગ્ગજોના સમર્થન બાદ હવે બીસીએની આગામી ચૂંટણીમાં રિવાઈવલ ગ્રુપની સ્થિતિ વધુ મજબૂત બની છે. ક્રિકેટ પોલિટિક્સમાં જૂના જોગીઓના નવા જોડાણથી સત્તાના સમીકરણોમાં મોટા ઉલટફેરના સંકેત જોવા મળ્યા છે. જોકે, મતદાન પૂર્વે અજિત લેલેનું આ પગલું બીસીએના ભવિષ્ય અને વહીવટ માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે.બરોડા ક્રિકેટ એસોસિયેશનનો ૪૦ કરોડનો વહીવટ કોને મળશે તેનુ પિક્ચર ફેબ્રુઆરીમાં સ્પષ્ટ થશે. રિવાઈવલ ગ્રુપ અને રોયલ ગ્રૂપ વચ્ચે સમાધાન માટે મીટિંગનો દોર ચાલ્યો હતો. પરંતુ રોયલ ગ્રુપે રિવાઈવલ ગ્રુપની માંગણીઓ સ્વીકારી ન હતી. જેના બાદ રોયલ ગ્રુપે સત્યમેવ ગ્રુપ સાથે સમાધાન કર્યું છે. આ સાથે બરોડા ક્રિકેટ એસોસિયેશનનો જંગ રસાકસીભર્યો બની રહ્યો છે. પ્રેસિડેન્ટના ૪ ફોર્મ, સેક્રેટરીના ૪, વીપીના ૬, જોઇન્ટ સેક્રેટરીના ૨, ટ્રેઝરરના ૬ મળી ૨૨ ફોર્મ પરત ખેંચાયા હતા. ફાઇનાન્સના ૧૮, પ્રેસ-પબ્લિસિટીના ૧૪, ગ્રાઉન્ડ એન્ડ ઇન્ફ્રાના ૨૨ મળી ૭૨ ફોર્મ ખેચાયા હતા. ત્યારે પ્રમુખ કોણ બનશે તે જલ્દી જ ખબર પડશે. બરોડા ક્રિકેટ એસો.ની ચૂંટણીમાં ફોર્મ ચકાસણીના દિવસે મોટો ઉલટફેર સર્જાયો. ટેકનિકલ કારણો અને સસ્પેન્શન મુદ્દે બે મહત્વના ઉમેદવારોના ૭ ફોર્મ રદ થયા. સત્યમેવ જયતે ગ્રુપના પરાગ પટેલનું સભ્યપદ રદ હોવાથી ફોર્મ પણ રદ કરાયું. રિવાઈવલ ગ્રુપમાં ચેતન પટેલ પણ સરકારી નોકરીમાં હોવાથી ફોર્મ રદ થયું. ત્યારે હવે ચૂંટણી મેદાનમાં કુલ ૧૫૮ ઉમેદવારો રહ્યાં છે. ૧૫ ફેબ્રુઆરીએ યોજનારી બીસીએની ૩૧ પોસ્ટની ચૂંટણીમાં રસાકસીભર્યો જંગ છે. બે દિવસ પહેલા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં વડોદરાના મહારાજા સમરજીતસિંહ ગાયકવાડે મોટો આક્ષેપ લગાવ્યો છે. તેઓએ કહ્યું કે, વડોદરામાં ક્રિકેટનું સ્તર નીચે ગયું છે.

# "બાલિકા વધુ" ની પ્રખ્યાત અભિનેત્રી એક બિઝનેસવુમન બની, શાર્ક ટેક ઇન્ડિયા પર પોતાનો બ્રાન્ડ રજૂ કર્યો



પ્રસિદ્ધ ટીવી અભિનેત્રી, નેહા મર્દ, હિટ સીરિયલ "બાલિકા વધુ" માં ગેહનાની ભૂમિકા માટે જાણીતી છે. તેણી શાર્ક ટેક્ક ઈન્ડિયા સીઝન ૫ માં દેખાવા માટે તૈયાર છે, જ્યાં તેણીએ ગર્ભાવસ્થા પછી આત્મવિશ્વાસ ગુમાવવા અને બાળજન્મ પછી શરીરની ગંધ સાથે વ્યવહાર કરવા વિશે રાષ્ટ્રીય ટેલિવિઝન પર પહેલીવાર ખુલ્લેઆમ વાત કરી. તાજેતરમાં ઉદ્યોગસાહસિક બનેલી આ અભિનેત્રી, શોમાં તેણીની પર્સનલ કેર બ્રાન્ડ, ફિટકુ, જે ફટકડી આધારિત અંડરઆર્મ રોલ-ઓન છે, તેને રજૂ કરવા માટે દેખાઈ. તેણીએ બ્રાન્ડની શક્તિઓ સમજાવી, પરંતુ શાર્કના પ્રશ્નોએ તેણીને આશ્ચર્યચકિત કરી.

તેની રજૂઆત દરમિયાન, નેહાએ સમજાવ્યું, "મારી ગર્ભાવસ્થા પછી, મને મારા શરીરની ગંધ સાથે કેટલીક સમસ્યાઓ થવા લાગી. એક અભિનેતા તરીકે, તે દિવસે મારો આત્મવિશ્વાસ ડગમગી ગયો. તેને સુધારવા માટે કંઈ કામ ન આવ્યું. જે વ્યક્તિગત સમસ્યા તરીકે શરૂ થયું તે ટૂંક સમયમાં વ્યવસાયિક વિચાર બની ગયું."

અનુપમ મિત્તલે ઉત્પાદનના સુગંધના દાવા પર પ્રશ્ન ઉઠાવતા પૂછ્યું, "આ સુગંધનો અર્થ શું છે?" શું આ માત્ર એક યુક્તિ છે?' ખાસ કરીને કારણ કે રોલ-ઓન ૧૦૦% કુદરતી હોવાનો અને ૨૪ કલાક તાજગી પ્રદાન કરવાનો દાવો કરે છે. દરમિયાન, નમિતા થાપરે કિંમત અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું, "૨૦૦ રૂપિયામાં ડિઓડોરન્ટ ઉપલબ્ધ છે... ૧૦૦ રૂપિયામાં પણ, અને તમારું ૯૯૯ રૂપિયામાં છે. શું ભારત આનો સામનો કરી શકશે?" ઉઠાવવામાં આવેલા મુખ્ય મુદ્દાઓમાં નેહાનો સેલિબ્રિટી સ્ટેટસ હતો. પેનલે પ્રશ્ન કર્યો હતો કે શું ટેલિવિઝન સ્ટાર તરીકેની તેમની લોકપ્રિયતાએ બ્રાન્ડના માર્કેટિંગ અને વેચાણને વધારવામાં નોંધપાત્ર મદદ કરી છે.

આ સિઝનમાં, અમિત જૈન ભૂતપૂર્વ શાર્ક અમન ગુપ્તા, અનુપમ મિત્તલ, નમિતા થાપર, વિનીતા સિંહ, રિતેશ અગ્રવાલ, કુણાલ બહલ અને વિરાજ બહલ સાથે જજ તરીકે પરત ફરી રહ્યા છે. આ વખતે પેનલમાં મિનિમલિસ્ટના મોહિત યાદવ, જેટસેટગોના કનિકા ટેકરીવાલ, ફિક્સડર્માના સ્થાપક શૈલી મેહરોત્રા, તેમજ હાર્દિક કોઠિયા અને વરુણ અલાઘનો સમાવેશ થાય છે.

# "જો કોઈ અમારા કરતાં વધુ ગાયની પૂજા કરે છે, તો કૃપા કરીને અમને જણાવો: અખિલેશ યાદવ

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ગાયની પૂજા અંગે એક નિવેદન બહાર પાડ્યું છે. તેમણે કહ્યું, "જો કોઈ અમારા કરતાં વધુ ગાયની પૂજા કરે છે, તો કૃપા કરીને અમને જણાવો. અમારી જગ્યાએ, જ્યારે સવારે ખોરાક રાંધવામાં આવે છે, ત્યારે પહેલી રોટલી ગાયને જાય છે. જો આવું કોઈ ભાજપ સભ્ય સાથે થાય, તો કૃપા કરીને મને જણાવો."

સપા પ્રમુખ અખિલેશ યાદવે પણ નોઈડામાં એક એન્જિનિયરના મૃત્યુ અંગે નિવેદન આપ્યું. તેમણે કહ્યું, "નોઈડામાં એક એન્જિનિયરનું મૃત્યુ થયું છે. જો સરકારમાં હિંમત હોય, તો તેમણે નોઈડામાંથી ટોચના પોલીસ અધિકારીને હટાવવા જોઈએ. તેઓ નહીં કરે. જિલ્લા અધિકારી પણ નોઈડાને દૂર કરશે નહીં." બધા જાણે છે કે પછી જૈંઇ સાથે છેડછાડ કરી શકાશે નહીં. નોઈડા કેસમાં સૌથી મોટી ગેરરીતિ પોલીસ દ્વારા કરવામાં આવી હતી, અને નોઈડા ઓથોરિટીના સીઇઓને દૂર કરવામાં આવ્યા હતા. સીઇઓને કદાચ એટલા માટે દૂર કરવામાં આવ્યા હતા કારણ કે તેઓ સરકાર માટે કોઈ કામ કરી રહ્યા ન હતા."

અખિલેશ યાદવે એસઆઇઆર વિશે કહ્યું, "અમને કહેવામાં આવ્યું હતું કે એસઆઇઆર પછી, મતદાર યાદીમાં કોઈ કસર છોડવામાં આવશે નહીં. અમે જોયું કે પેટાચૂંટણીમાં મતોમાં ગોટાળા થયા હતા. ચૂંટણી પંચે કહ્યું હતું કે સીસીટીવી ફૂટેજ કોઈપણ રાજકીય પક્ષને આપવામાં આવશે નહીં. એસઆઇઆર સુધારણા દ્વારા અનેક પ્રકારના કાવતરાં ઘડવામાં આવી રહ્યા છે. આપણે બધા જાણીએ છીએ કે તેઓએ બીએલઓને કેવી રીતે તાલીમ આપી. ઘણા બીએલઓએ પોતાના જીવ ગુમાવ્યા. ચૂંટણી પંચ શું કરી રહ્યું છે? એક જ નામથી બે મત બનાવવામાં આવી રહ્યા છે." હું ચૂંટણી પંચને અમારી સાથે સહયોગ કરવાની માંગ કરું છું."

# સબરીમાલા મંદિરમાંથી સોનાની ચોરી એક સુનિયોજિત ષડયંત્રના ભાગ રૂપે થઈ રહી હતી

સબરીમાલાના પ્રખ્યાત ભગવાન અયપ્પા મંદિરમાંથી સોનાની ચોરીની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ વધુને વધુ ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. કેરળ હાઈકોર્ટ દ્વારા દેખરેખ હેઠળની જૈંઇ તપાસમાં અત્યાર સુધીમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડના ભૂતપૂર્વ પ્રમુખ એ. પદ્મકુમારનો પણ સમાવેશ થાય છે. પદ્મકુમાર શાસક સીપીએમના જિલ્લા સ્તરના નેતા પણ છે અને આશ્ચર્યજનક રીતે, તેમના પદ પર કાયમ છે. મુખ્યમંત્રી પિનરાઈ વિજયને હજુ સુધી તેમની સામે કોઈ કાર્યવાહી કરી નથી. આનાથી એવા આરોપોને વેગ મળી રહ્યો છે કે શાસક એલડીએફ પણ સબરીમાલા સોનાની ચોરીમાં સામેલ હોઈ શકે છે.

હાઈકોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસથી હાઈકોર્ટને આ અવલોકન કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યું. મંદિરના ગર્ભગૃહના દરવાજા અને દ્વારપાલની મૂર્તિઓમાંથી સોનાની ચોરીથી શરૂ થયેલી ઘટના હવે મંદિરની મિલકત લૂંટવાના ઊંડા કાવતરા તરીકે ઉભરી આવી છે. કોર્ટે એમ પણ કહ્યું કે તપાસ જે દિશામાં આગળ વધી રહી છે તે મંદિરની મિલકત હડપ કરવાનું સુનિયોજિત કાવતરું સૂચવે છે.

મરામત અને પુનઃસ્થાપનના આડમાં મૂળ સોનાથી ઢંકાયેલી પવિત્ર કલાકૃતિઓ ૨૦૧૯ માં દૂર કરવામાં આવી હતી. આમાં દ્વારપાલક (રક્ષક) મૂર્તિઓ અને શ્રીકોવિલ (ગૃહ ગર્ભગૃહ) દરવાજાના ફ્રેમનો સમાવેશ થાય છે. વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર દ્વારા વૈજ્ઞાનિક વિશ્લેષણથી પુષ્ટિ મળી છે કે ૧૯૯૮ માં દાનમાં આપવામાં આવેલ મૂળ ઉચ્ચ-શુદ્ધતા સોનાનો ઢોળ રાસાયણિક રીતે દૂર કરવામાં આવ્યો હતો અને તેના સ્થાને સસ્તા તાંબાની પ્રતિકૃતિઓ અથવા ઓછી ગુણવત્તાવાળા સોનાનો ઢોળ મૂકવામાં આવ્યો હતો.

જ્યારે ચેન્નાઈમાં ૪૨.૮ કિલો સોનાનો ઢોળ ચડાવેલ મૂર્તિઓ સમારકામ પછી પરત કરવામાં આવી હતી, ત્યારે તેમનું વજન ઘટીને ૩૮.૨ કિલો થઈ ગયું હતું, જે આશરે ૪.૫ કિલો સોનાનું નુકસાન દર્શાવે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કેરળ, કર્ણાટક અને તમિલનાડુમાં ૨૧ સ્થળોએ દરોડા પાડ્યા હતા જેથી ગુનાના પૈસા અને આવક શોધી શકાય. વધુમાં, કેરળ હાઈકોર્ટની દેખરેખ હેઠળ એક ખાસ તપાસ ટીમ સ્થળ પર માપણી કરી રહી છે. અત્યાર સુધીમાં, આ કેસમાં ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

કંડારારુ રાજીવરુઃ મંદિરના મુખ્ય પૂજારી, જેને તંત્રી તરીકે ઓળખવામાં આવે છે, તેમની ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ગુનાહિત સંડોવણી અને કલાકૃતિઓના ગેરકાયદેસર નિકાલ માટે "છુપી પરવાનગી" આપવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.ઉન્નીકૃષ્ણન પોટીઃ મુખ્ય આરોપી અને કોન્ટ્રાક્ટર જેણે સોનાના નિકાલ અને નિષ્કર્ષણનું આયોજન કર્યું હતું.એ. પદ્મકુમારઃ ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ (ટીડીબી) ના ભૂતપૂર્વ પ્રમુખ અને સીપીઆઈ(એમ) નેતા, નવેમ્બર ૨૦૨૫ માં ધરપકડ કરવામાં આવી હતી.પંકજ ભંડારીઃ ચેન્નાઈ સ્થિત કંપની સ્માર્ટ ક્રિએશન્સના માલિક જ્યાં સોનું કથિત રીતે નિષ્કર્ષણ કરવામાં આવ્યું હતું.નોંધનીય છે કે કેરળ હાઈકોર્ટે આ ઘટનાને પવિત્ર કિંમતી વસ્તુઓની વ્યવસ્થિત ચોરી ગણાવી હતી.

# વેરાવળ સખીવન સ્ટોપ સેન્ટર દ્વારા ગુમ થયેલી બિહારીની મહિલાનું પરિવાર સાથે મિલન કરાવ્યું



વેરાવળ,

વેરાવળ ખાતેના 'સખી વન સ્ટોપ' સેન્ટરના કર્મચારીઓએ બિહારની ગુમ થયેલી મહિલાનું મનોવૈજ્ઞાનિક પરામર્શ કરાવી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. એક મહિનાથી ગુમ થયેલી માતાને મળીને પુત્ર ગદગદ થયો હતો. કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે સહજભાવે મહિલાના ખબર-અંતર પૂછ્યા હતાં અને પરિવાર સાથે સૌહાર્દપૂર્ણ ચર્ચા કરી સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીશ્રીઓની ઉમદા કામગીરીને બીરદાવી હતી.

આ અંગેની વધુ વિગતો આપતા કલેક્ટર એ જણાવ્યું હતું કે, બિહાર રાજ્યના મોતીપુર પુરાણી બજારના રહેવાસી ૫૪ વર્ષીય મહિલા છેલ્લા એક મહિનાથી પરિવારથી વિખૂટા પડી ગયા હતાં. તા.૨૧ જાન્યુઆરીના રોજ જનરક્ષક ૧૧૨ તથા સીટી પોલીસ સ્ટેશન દ્વારા એક અજાણી હિન્દી ભાષી મહિલાને રાત્રીના સમયે આશ્રય સહાય માટે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લાવવામાં આવ્યા હતાં.

પહેલા તો કર્મચારીઓએ સહૃદયી વાત કરી અને મહિલાને પૂરતો આરામ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સેન્ટર ખાતે તેમની પાસેથી પ્રાથમિક માહિતી એકત્રિત કરી 'સખી વન સ્ટોપ' સેન્ટર દ્વારા આરામદાયક આશ્રય, ભોજન, કપડા જેવી પ્રાથમિક જરૂરિયાતો અને સુરક્ષા સુવિધા પૂરી પાડવામાં આવી હતી. એમ એમણે ઉમેર્યું હતું.

ત્યારબાદ તેમનું મનોસમાજિક કાઉન્સેલિંગ કરવામાં આવ્યું, જેના પરિણામે એ જાણવા મળ્યું કે, મહિલા છઠ પૂજા માટે ઘરેથી નીકળ્યા બાદ મોબાઈલ ચોરી થવાને કારણે પરિવારથી સંપર્કવિહોણા થયાં હતાં. જે પછી વેરાવળના સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા બિહારના મુઝફ્ફરપુર સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરી તેમના પરિવાર સાથે સંપર્ક સાધવામાં સફળતા મળી હતી. ટેલિફોનિક વાતચીત દરમિયાન તેમના પુત્રને માતા સંપૂર્ણ સુરક્ષિત હોવાનું જણાવવામાં આવ્યું જેને કારણે પરિવારજનોને હાશકારો થયો હતો અને આનંદની લાગણી અનુભવી હતી.

# સુત્રાપાડા ખાતે સમસ્ત કારડીયા રાજપૂત સમાજના સમૂહ લગ્ન યોજાયા

## ૧૪ મો સમૂહ લગ્નમા ૧૦ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડયા



મિતેશ પરમાર, વેરાવળ,

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા મુકામે દર વર્ષની જેમ આ વર્ષે પણ સુત્રાપાડા કારડીયા રાજપૂત સમાજ લગ્ન સમિતિ અને કારડીયા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ સુત્રાપાડા દ્વારા વસંત પંચમી ના પ્રવિત્ર દિવસે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ અને ગુજરાત રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડની રાહબરી હેઠળ તેમજ સુત્રાપાડા કારડીયા રાજપૂત સમાજ લગ્ન સમિતિ અને કારડીયા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ સુત્રાપાડા દ્વારા દર વર્ષે વસંત પંચમી ના શુભ દિને સુત્રાપાડા મુકામે સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવે છે જે પરંપરા આ વર્ષે પણ જળવાઈ અને ૧૪ માં સમૂહ લગ્નનું આયોજન સુત્રાપાડા બી એમ બારડ એજ્યુકેશન ટ્રસ્ટના મેદાનમાં સફળતા પૂર્વક અને હર્ષોલ્લાસ સાથે કરવામાં આવેલ હતું.

સુત્રાપાડા ખાતે યોજાયેલ કારડીયા રાજપૂત સમાજના સમૂહ લગ્નમાં યુગલોએ પ્રભુતા માં પગલાં માંડેલ હતા.

આ સમૂહ લગ્નના આયોજનમાં સમગ્ર જમણવારના દાતા અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ જશાભાઈ બારડ રહ્યા હતા તેમજ ગુજરાત રાજય ખેતી બેંક ના ચેરમેન ડોલરભાઈ કોટેચા દ્વારા તમામ કન્યાઓને સોનાનો દાળો આપવામાં આવેલ હતી. ઉપરાંત સુત્રાપાડા ના વતની અને હાલ બરોડા શ્રી ગ્રુપ ના ચેરમેન ભરતભાઈ બારડ દ્વારા દરેક કન્યાઓ ને રૂપિયા દસ હજાર ની ફિક્સ ડિપોજિત ની રસીદ આપવામાં આવી હતી તેમજ ગુજરાત રાજય ના મુખ્યમંત્રી દ્વારા દરેક વરવધુ ને શુભેચ્છા સંદેશ આપવામાં આવેલ હતું તેમજ સમૂહ લગ્ન ના આયોજક પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ ને અભિનંદન પાઠવતો પત્ર આપવામાં આવ્યો હતો , જીએચસીએલ કંપની દ્વારા સહયોગ આપવામાં આવિયો

અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજ ના પ્રમુખ અને ગુજરાત સરકાર ના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ નું ભવાની માં ની છબી આપી સન્માન કરવામાં આવિયું હતું ,તેમજ મુખ્ય દાતાઓ અને આગેવાનો નું પણ માં ભવાની ની છબી આપી સન્માન કરવામાં આવિયું હતું .

આ તકે જશાભાઈ બારડે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે આ પ્રકારના સમાજના કરોડો રૂપિયાની બચત થાય છે તેમજ સમાજ આ પ્રસંગે એક થાય છે સુત્રાપાડા મુકામે યોજાયેલ કારડીયા રાજપૂત સમાજ ના સમૂહ લગ્નના યોજનમાં અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ અને પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ સાથે કારડીયા રાજપૂત સમાજના આગવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં ,પૂર્વ ધારાસભ્ય કાળાભાઈ ઝાલા, પૂર્વ મંત્રી લક્ષ્મણભાઈ પરમાર પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શૈલેન્દ્રસિંહ રાઠોડ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલા, માનસિંહભાઈ ડોડીયા, , સીમાર એજ્યુકેશન ટ્રસ્ટના પ્રદ્યુમનસિંહ ડોડીયા, બહોળી સંખ્યામાં કારડીયા રાજપૂત સમાજના લોકો હાજર રહી અને સમૂહ લગ્ન મહોત્સવ ને સફળ બનાવેલ હતો. ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ કારોબારી સભ્ય દિલીપભાઈ બારડ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો,સમગ્ર કાર્યક્રમ નું સંચાલન નરેન્દ્રભાઈ ડોડીયા અને પિયુષભાઈ કાછેલા દ્વારા કરવામાં આવ્યુ હતું.




# પ્રભાસપાટણમાં રૂ.૪.૧૯ લાખના દારૂના જથ્થા સાથે એક ઝડપાયોઃ બે ફરાર



વેરાવળ,

પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા ની સુચના તથા માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો. ઈન્સ. એસ.વી.રાજપુત તથા પો. સબ ઈન્સ એ.સી.સિંધવ તથા પો. સબ ઈન્સ. એચ.એલ. જેબલીયા નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી.ના પો. હેડ કોન્સ. નરેન્દ્રભાઇ પટાટ તથા હિતેશભાઇ વાળા ને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે પ્રભાસ પાટણ શીવજી નગર સોસાયટી વાળી ગલીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલોના જથ્થા સાથે પકડી પાડી પ્રભાસ પાટણ પો.સ્ટે. ગુ.ર.નં.-૨૫/૨૬ પ્રોહી એકટ ક.-૬૫ઈ, ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો રજી. કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીઓ રવિ પાલાભાઇ ચાવડા રબારી રહે.ડારી, તા.વેરાવળ વિજય ઉર્ફે ભુરો વાજા રહે. કોડીનાર (પકડવાનો બાકી) સ્મીત મરાઠા રહે.વેરાવળ હાઉસીંગ સોસાયટી (પકડવાનો બાકી) પકડેલ મુદામાલ ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૧૨૩ કિં.રૂા.૪,૧૯,૨૫૦ ફોર વ્હીલ કાર મહીન્દ્રા ૩૦૦ રજી.નં.જીજે-૩૨-કે-૭૦૦૧ કી.રૂા.૫,૦૦૦૦૦ વીવો કંપનીનો મોબાઈલ ફોન-૧ કિં.રૂા.૫૦૦૦ કુલ મુદામાલ કી.રૂા.૯,૨૪,૨૫૦ પકડવામાં આવેલ છે





# અમરેલીમાં ૪૫થી વધુ લોકોને શ્વાને બચકાં ભર્યા બાદ તંત્ર જાગ્યું

## ૧૬૦૦ જેટલા રખડતા શ્વાનનું રસીકરણ કરાશે, ભાવનગર વેટરનરીની ટીમો બોલાવાઈ



અમરેલીઃ

અમરેલી શહેરમાં બાળકો, મહિલાઓ અને પુરુષો સહિત ૪૫થી વધુ લોકો પર શ્વાન દ્વારા હુમલા અને બચકા ભરવાની ઘટનાઓ બાદ નગરપાલિકાએ કડક કાર્યવાહી હાથ ધરી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સર્વે કર્યા બાદ ૧૬૦૦ જેટલા રખડતા શ્વાનને રસીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ કામગીરી માટે ભાવનગરથી વેટરનરી ડોકટરોની ટીમો બોલાવવામાં આવી છે. હાલમાં, શહેરના ૧૦ વિસ્તારોમાં બે ટીમો દ્વારા શ્વાનને પકડીને હડકવા વિરોધી રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. રસીકરણની આ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.ભાવનગરની એજન્સીના ગોપીબેન ચાવડાએ જણાવ્યું કે, નગરપાલિકા અને હસ્તી કોર્પોરેશન દ્વારા અમરેલીમાં રખડતા શ્વાનનું વેક્સિનેશન અને ડીર્વોમિંગ કરવામાં આવી રહ્યું છે. અમારી બે ટીમો અને બે ડોકટરો દ્વારા તમામ વિસ્તારોમાં રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે.અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર વિનોદ રાઠોડે માહિતી આપી કે, નગરપાલિકાએ હસ્તી કોર્પોરેશન સાથે મળીને બે ટીમો ઉતારી છે. ડોકટરો અને સ્ટાફ સાથે રસીકરણ અને ડીર્વોમિંગની કામગીરી શરૂ કરાઈ છે, જેથી શ્વાનોની આક્રમકતા અને આતંક ઓછો થશે. આ કામગીરી શહેરના તમામ વિસ્તારોને આવરી લેશે.






# ઉત્તર પ્રદેશ સ્થાપના દિવસ: રાષ્ટ્રપતિથી લઈને પીએમ મોદી અને સીએમ યોગી સુધી, બધાએ અભિનંદન પાઠવ્યા

## ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ થઈ હતી ઉત્તરપ્રદેશની રચના, ૧૯૫૦માં સંયુક્ત પ્રાંતોનું નામ બદલીને ઉત્તરપ્રદેશ રાખવામાં આવ્યું. ૨૦૦૦ સુધી ઉત્તરાખંડ પણ ઉત્તરપ્રદેશનો ભાગ હતો

લખનૌ,

આજે રાજ્યભરમાં ઉત્તર પ્રદેશનો સ્થાપના દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. ઉત્તરપ્રદેશની રચના આજના દિવસે, ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ થઈ હતી. આજના ઉત્તર પ્રદેશનો પાયો ૧૯૦૨ માં આગ્રા અને અવધના સંયુક્ત પ્રાંત તરીકે નાખવામાં આવ્યો હતો. ૧૯૫૦માં, સંયુક્ત પ્રાંતોનું નામ બદલીને ઉત્તર પ્રદેશ રાખવામાં આવ્યું. ૨૦૦૦ સુધી, ઉત્તરાખંડ પણ ઉત્તર પ્રદેશનો ભાગ હતો. ૨૦૦૦ માં, ઉત્તર પ્રદેશના પર્વતીય પ્રદેશોને અલગ કરીને એક નવા રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. કુમાઉ અને ગઢવાલના આ વિસ્તારને ઉત્તરાંચલ કહેવામાં આવતું હતું, જે પાછળથી ઉત્તરાખંડ બન્યો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉત્તર પ્રદેશના સ્થાપના દિવસ પર રાજ્યના લોકોને અભિનંદન આપ્યા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું, "ઉત્તર પ્રદેશ દિવસ નિમિત્તે રાજ્યના લોકોને મારી શુભકામનાઓ.

ભવ્ય ઈતિહાસ અને સમૃદ્ધ સંસ્કૃતિની આ ભૂમિ ભારતની વિકાસ યાત્રામાં એક મજબૂત સ્તંભ રહી છે. મને વિશ્વાસ છે કે ઉત્તર પ્રદેશ પ્રગતિ કરતું રહેશે. હું આ રાજ્યના મહેનતુ અને પ્રતિભાશાળી લોકો માટે ઉજ્જવળ ભવિષ્યની કામના કરું છું."પીએમ મોદીએ ઉત્તર પ્રદેશના લોકોને તેના સ્થાપના દિવસ પર અભિનંદન પણ આપ્યા. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, પીએમ મોદીએ લખ્યું, "રાજ્યના સ્થાપના




દિવસ પર ભારતીય સંસ્કૃતિ અને વારસાની સમૃદ્ધિમાં અમૂલ્ય યોગદાન આપનારા ઉત્તર પ્રદેશના મારા પરિવારના તમામ સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન. ડબલ-એન્જિન સરકાર અને વિકાસ માટે સમર્પિત અહીંના લોકોની ભાગીદારીથી, આપણું રાજ્ય છેલ્લા નવ વર્ષમાં એક બીમાર રાજ્યમાંથી એક અજોડ રાજ્યમાં પરિવર્તિત થયું છે. મને દ્રઢ વિશ્વાસ છે કે ઉત્તર પ્રદેશની ક્ષમતા દેશની પ્રગતિને ગતિશીલ રાખવામાં ખૂબ ઉપયોગી થશે."ગૃહમંત્રી અમિત શાહે ઉત્તર પ્રદેશને તેના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું, "ઉત્તર પ્રદેશના તમામ ભાઈઓ અને બહેનોને રાજ્યના સ્થાપના દિવસની હાર્દિક શુભેચ્છાઓ. સનાતન સંસ્કૃતિના અમૂલ્ય વારસાથી સિંચિત, ગંગા-યમુનાની પવિત્ર અને ફળદ્રુપ ભૂમિ, ઉત્તર પ્રદેશ એ ભૂમિ છે જેણે હંમેશા રાષ્ટ્રને સંસ્કૃતિ, ભક્તિ, શક્તિ અને નિશ્ચયના માર્ગ પર દોરી છે. આજે, ડબલ-એન્જિન સરકાર હેઠળ, ઉત્તર પ્રદેશ વિકાસ અને વિશ્વ કક્ષાના માળખાગત સુવિધાઓના નવા રેકોર્ડ બનાવી રહ્યું છે.

# તિબેટમાં વહેલી સવારે ધરતીને હચમચાવી નાખનાર ભૂકંપ આવ્યો

## રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૫.૭, ભૂકંપથી વિસ્તારના લોકો ગભરાઈ ગયા

નવીદિલ્હી,

તિબેટમાં આજે વહેલી સવારે ધરતીને હચમચાવી નાખનાર ભૂકંપ આવ્યો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૦ માપવામાં આવી. તેનું કેન્દ્રબિંદુ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું.એનસીએસએ એક્સ પર આ માહિતી પોસ્ટ કરી.

અગાઉ, મણિપુરમાં ભૂકંપ અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૬ હતી. તેનું કેન્દ્ર કામજોંગ, મણિપુરમાં હતું. ઊંડા ભૂકંપ કરતાં છીછરા ભૂકંપ સામાન્ય રીતે વધુ ખતરનાક હોય છે. એ નોંધવું યોગ્ય છે કે છીછરા ભૂકંપ સામાન્ય રીતે ઊંડા ભૂકંપ કરતાં વધુ ખતરનાક હોય છે.

આનું એક કારણ એ છે કે છીછરા ભૂકંપથી ઉત્પન્ન થતા ભૂકંપના તરંગો સપાટી સુધી પહોંચવા માટે ઓછા અંતરે હોય છે, જેના પરિણામે જમીન પર વધુ કંપન થાય છે, જેના કારણે ઈમારતોને વધુ નુકસાન થાય છે અને વધુ જાનહાનિ થાય છે. તિબેટીયન ઉચ્ચપ્રદેશ ટેક્ટોનિક પ્લેટોના અથડામણને કારણે તેની ભૂકંપીય પ્રવૃત્તિ માટે જાણીતું છે.

૧૯ જાન્યુઆરીના રોજ, ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના લેહમાં એક જોરદાર ભૂકંપ અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૭ હતી. ભૂકંપથી વિસ્તારના લોકો ગભરાઈ ગયા હતા. તેનું કેન્દ્ર લદ્દાખના લેહમાં ૧૭૧ કિલોમીટરની ઊંડાઈએ હતું.

૧૯ જાન્યુઆરી, સોમવારના રોજ વહેલી સવારે દિલ્હીમાં ભૂકંપ આવ્યો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૮ હતી અને તેનું કેન્દ્ર ઉત્તર દિલ્હીમાં ૫ કિલોમીટરની ઊંડાઈએ હતું.

ભૂકંપ એ પૃથ્વીની સપાટીની અચાનક હિલચાલ છે. આ મુખ્યત્વે ટેક્ટોનિક પ્લેટોની હિલચાલને કારણે થાય છે. જ્વાળામુખીની પ્રવૃત્તિ, માનવ પ્રવૃત્તિઓ અને ભૂસ્ખલન અથવા ગુફાઓ અન્ય કારણો છે. રીંગ ઓફ ફાયર (પેસિફિક મહાસાગરની આસપાસ) વિશ્વમાં સૌથી વધુ ભૂકંપ અનુભવે છે.

# કોંગ્રેસ રાહુલ ગાંધી અને શશિ થરૂર વચ્ચેના મતભેદને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે

નવીદિલ્હી,

કોંગ્રેસ હાઈકમાન્ડે રાહુલ ગાંધી અને શશિ થરૂર વચ્ચેના મતભેદોને ઉકેલવા માટે પહેલ કરી છે. કેરળ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ અંગે ચર્ચા કરવા માટે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી દ્વારા બોલાવવામાં આવેલી મહત્વપૂર્ણ બેઠકમાં થરૂર હાજર ન રહ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. રાહુલ ગાંધીના કાર્યાલયે થરૂરનો સંપર્ક કરીને તેમની ગેરહાજરીનું કારણ પૂછ્યું.

પાર્ટીના સૂત્રો અનુસાર, જો થરૂર બેઠકમાં હાજર રહ્યા હોત, તો રાહુલ ગાંધી તણાવ ઓછો કરવા માટે તેમની સાથે મુલાકાત કરી હોત. થરૂરના છાવણીએ માહિતી આપી છે કે તેઓ ૨૮ જાન્યુઆરીએ સંસદ સત્ર માટે



દિલ્હીમાં હશે, અને એવી અપેક્ષા છે કે બંને નેતાઓ ટૂંક સમયમાં મળશે.

તાજેતરમાં એર્નાકુલમમાં યોજાયેલી "મહાપંચાયત"માં રાહુલ ગાંધી અને રાજ્ય નેતૃત્વ દ્વારા થરૂરને અવગણવામાં આવ્યાના અહેવાલ પછી આ મતભેદો સામે આવ્યા હતા. રાજ્યના નેતાઓને ડર છે કે થરૂર જેવા નારાજ નેતાઓ મહત્વપૂર્ણ ચૂંટણીઓમાં યુડીએફ (યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ) ની સંભાવનાઓને નુકસાન પહોંચાડી શકે છે. તેથી, તેમણે હાઈકમાન્ડને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે.

કેરળમાં, ખાસ કરીને યુવાનો, વ્યાવસાયિકો, મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગ અને બિન-રાજકીય વ્યક્તિઓમાં થરૂરની નોંધપાત્ર લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને, પાર્ટીના નેતાઓ માટે રાહુલ ગાંધીનો હસ્તક્ષેપ માંગવો સ્વાભાવિક છે. કારણ કે આ મામલો રાહુલ ગાંધીનો છે, તેથી અન્ય નેતાઓનો હસ્તક્ષેપ એટલો અસરકારક ન પણ હોય.

મીડિયામાં આ મુદ્દા પર ચાલી રહેલી ચર્ચાને ધ્યાનમાં રાખીને આ ઝડપી હસ્તક્ષેપની તાકીદ પણ અનુભવાઈ હતી.

આ એ પણ સૂચવે છે કે રાહુલ ગાંધીનો સીધો હસ્તક્ષેપ અભૂતપૂર્વ છે, કારણ કે તે થરૂરની લાગણીઓને સમાયોજિત કરવાની પાર્ટીની તૈયારી દર્શાવે છે.

# પશ્ચિમ બંગાળ: ચૂંટણી પહેલા પૂર્વ સીપીએમ નેતાની ગોળી મારીને હત્યા

## કરીમદંગલ વિસ્તારમાં ભૂતપૂર્વ સીપીએમ નેતા મોહમ્મદ સરફુદ્દીનની ગોળી મારીને હત્યા કરવામાં આવતાં પશ્ચિમ બંગાળમાં રાજકીય વાતાવરણ વધુ તીવ્ર બન્યું

આસનસોલ,

પશ્ચિમ બંગાળના આસનસોલથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ચૂંટણી પહેલા પૂર્વ સીપીએમ નેતા મોહમ્મદ સરફુદ્દીનની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. પ્રાર્થના કરવા જઈ રહ્યા હતા ત્યારે, એક બાઈકસવારે નેતા પર હુમલો કર્યો, જેના કારણે તેમનું મોત થયું. ઘટનાનું સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યું છે.

આસનસોલના હીરાપુર પોલીસ સ્ટેશન હેઠળના કરીમદંગલ વિસ્તારમાં ભૂતપૂર્વ સીપીએમ નેતા મોહમ્મદ સરફુદ્દીનની ગોળી મારીને હત્યા કરવામાં આવતાં પશ્ચિમ બંગાળમાં રાજકીય વાતાવરણ વધુ તીવ્ર બન્યું હતું. આ આઘાતજનક ઘટના ત્યારે બની જ્યારે તેઓ સવારની નમાજ પઢવા માટે તેમના ઘરેથી નજીકની મસ્જિદ જઈ રહ્યા હતા. આ ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો છે અને વ્યાપક રાજકીય અશાંતિ ફેલાઈ છે. પરિવારના સભ્યોના જણાવ્યા મુજબ, મોહમ્મદ સરફુદ્દીન સવારે લગભગ ૫ વાગ્યે રાબેતા મુજબ નમાજ પઢવા માટે નીકળ્યા હતા, ત્યારે મોટરસાઈકલ પર એક અજાણ્યો હુમલો કરનાર તેમની પાસેથી પસાર થયો, થોડે દૂર ચાલીને પાછો ફર્યો. ત્યારબાદ હુમલાખોર તેમની પાછળ ગયો અને અચાનક તેમનો રસ્તો રોકી દીધો. હુમલાખોર અને સરફુદ્દીન વચ્ચે થોડી ઝપાઝપી થઈ. ત્યારબાદ હુમલાખોરે અચાનક પિસ્તોલ કાઢી અને સરફુદ્દીન પર ગોળીબાર કર્યો. આશ્ચર્યચકિત થઈને, મોહમ્મદ સરફુદ્દીન જમીન પર પડી ગયો, તેના મોં અને નાકમાંથી ખૂબ લોહી નીકળ્યું. હુમલાખોર હુમલા બાદ ઘટનાસ્થળેથી ભાગી ગયો. ઘટનાસ્થળે લગાવેલા સીસીટીવી કેમેરામાં આખી ઘટના કેદ થઈ ગઈ, જેના ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.ઘટનાની માહિતી મળતાં, હીરાપુર પોલીસ સ્ટેશન ઘટનાસ્થળે પહોંચ્યું. એસીપી ઈપ્સિતા દત્તાના નેતૃત્વમાં પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પરિવારના સભ્યોની પૂછપરછ શરૂ કરી. ગંભીર રીતે ઘાયલ સરફુદ્દીનને સ્થાનિકો અને પરિવારના સભ્યો સારવાર માટે આસનસોલ જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.

મૃતકના ભાઈ મોહમ્મદ ઝૈનુલે જણાવ્યું કે સરફુદ્દીન ગ્રીલ અને સળિયાનો વ્યવસાય કરતો હતો અને તેને કોઈ સાથે કોઈ દુશ્મની નહોતી. તેમણે કહ્યું, "અમને સમજાતું નથી કે કોણે અને શા માટે આ ગુનો કર્યો. મારા ભાઈનો કોઈ સાથે કોઈ વિવાદ નહોતો." તેમણે એમ પણ કહ્યું કે સરફુદ્દીન પાંચ ભાઈઓમાંનો એક હતો.મૃતકના ભત્રીજા મોહમ્મદ સાનુએ કહ્યું કે તેની માતાએ તેને સવારે જગાડ્યો અને કહ્યું કે તેના કાકા પર હુમલો થયો છે. ઘટનાસ્થળે પહોંચ્યા પછી, તેણે સરફુદ્દીનના નાક અને મોંમાંથી લોહી નીકળતું જોયું, અને આસપાસના લોકો ફક્ત દર્શક હતા. તેમણે એવો પણ દાવો કર્યો કે તેના કાકાનું મૃત્યુ ફક્ત ગોળીના ઘાથી નહીં, પણ નાકમાં ઊંડી ઈજા અથવા અન્ય કોઈ કારણસર થયું હોઈ શકે છે.

પોલીસે ઘટનાસ્થળેથી પિસ્તોલ અને ગોળીનો ખોખલો કબજે કર્યો છે. સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોની ઓળખ કરવાના પ્રયાસો ચાલુ છે.

સ્થાનિક રહેવાસીઓ અને પરિવારના સભ્યોની સતત પૂછપરછ કરવામાં આવી રહી છે.એવું કહેવાય છે કે મોહમ્મદ સરફરાઝુદ્દીન એક સમયે પ્રભાવશાળી સીપીએમ નેતા હતા. લગભગ ૧૦ વર્ષ પહેલાં, તેમણે રાજકારણ છોડી દીધું અને ગ્રીલ-ગેટના વ્યવસાયમાં જોડાયા, જે ખૂબ સફળ રહ્યો. રાજકારણથી ગેરહાજરી હોવા છતાં, તેમને વિસ્તારમાં નોંધપાત્ર પ્રતિષ્ઠા અને આદર મળ્યો.તેમની હત્યા પાછળનો હેતુ હજુ પણ એક ઊંડો રહસ્ય છે. પોલીસનું કહેવું છે કે તમામ પાસાઓ ધ્યાનમાં રાખીને તપાસ કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં ગુનેગારોને પકડવાના પ્રયાસો કરવામાં આવશે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી છે, જેના કારણે લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

# સરકાર ૧૦ વર્ષ પછી જાગી છે!, બજેટમાં કરદાતાઓને રાહત મળશે, ૮૦સી અને હોમ લોન પર મોટી રાહત મળશે

નવીદિલ્હી,

જૂના કર શાસનમાં રહેનારા કરદાતાઓએ દરેક બજેટ સત્રમાં ફરિયાદ કરી છે કે મોટાભાગની લોકપ્રિય કપાત યથાવત રહે છે. કલમ ૮૦ઝ, ૮૦ૡ અને હોમ લોન વ્યાજ લાભો જેવા વિભાગો હજુ પણ એક દાયકા પહેલા નિર્ધારિત મર્યાદાઓ સાથે લાગુ પડે છે, જ્યારે આવક, તબીબી ખર્ચ અને ઘરની કિંમતોમાં તીવ્ર વધારો થયો છે. બજેટ ૨૦૨૬ નજીક આવતાં, સરકારે આખરે આ કપાત પર પુનર્વિચાર કરવો જોઈએ કે કરદાતાઓને નવી કર વ્યવસ્થામાં જવા કહેવું જોઈએ, જ્યાં આવી મુક્તિઓ દૂર કરવામાં આવી છે તે અંગે ચર્ચા ફરી શરૂ થઈ છે.જૂની કર વ્યવસ્થા, અથવા ઓટીઆર બચત સંબંધિત પ્રોત્સાહનો પર આધારિત હતી. કલમ ૮૦ઝ હેઠળની કપાત લાંબા ગાળાના રોકાણોને પ્રોત્સાહન આપતી હતી, જ્યારે કલમ ૮૦ ડી આરોગ્ય વીમા કવરેજને પ્રોત્સાહન આપતી હતી. હોમ લોન લાભો હાઉસિંગ માલિકીને ટેકો આપતા હતા. જો કે, આમાંની મોટાભાગની મર્યાદાઓ છેલ્લે ૨૦૧૪ અને ૨૦૧૫ ની વચ્ચે સુધારવામાં આવી હતી.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ડૉ. સુરેશ સુરાનાએ એફઈ રિપોર્ટમાં નિર્દેશ કર્યો છે તેમ, આવકવેરા કાયદા, ૧૯૬૧ હેઠળ મુખ્ય વ્યક્તિગત કર કપાત, ખાસ કરીને કલમ ૮૦ઝ, કલમ ૮૦ૡ, અને કલમ ૨૪ અને ૮૦ હેઠળ ગૃહ લોન લાભો, વધતી આવક, ફુગાવાના દબાણ અને જીવનનિર્વાહના ઊંચા ખર્ચ છતાં ઘણા વર્ષોથી વર્ચ્યુઅલ રીતે યથાવત રહ્યા છે. આનાથી અસરકારક કર-બચત ઘટકો તરીકે તેમનું વાસ્તવિક મૂલ્ય ઘટી ગયું છે. કલમ ૮૦સી સૌથી વધુ ઉપયોગમાં લેવાતી કપાત છે, જે પીએફ યોગદાન, એલઆઈસી અને ઈએલએસએસ રોકાણો, ટ્યુશન ફી અને હોમ લોનની મુદ્દલ ચુકવણીને આવરી લે છે. તેમ છતાં, ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૪ થી ૧.૫ લાખની મર્યાદા યથાવત રહી છે. એક મીડિયા રિપોર્ટમાં, સુરાના કહે છે કે આ મર્યાદા હવે લાંબા ગાળાની બચત, નિવૃત્તિ યોજનાઓ અને શિક્ષણના વધેલા ખર્ચને પ્રતિબિંબિત કરતી નથી, ખાસ કરીને મધ્યમ આવક ધરાવતા પરિવારો માટે. તેમનું સૂચન છે કે બજેટ ૨૦૨૬ તેની સુસંગતતા પુનઃસ્થાપિત કરવા માટે મર્યાદાને ૩ લાખ સુધી વધારવા અથવા તેને ફુગાવા સાથે જોડવાનું વિચારી શકે છે.

છેલ્લા દાયકામાં, ખાસ કરીને રોગચાળા પછી, આરોગ્ય વીમા પ્રીમિયમમાં તીવ્ર વધારો થયો છે. જો કે, કલમ ૮૦ૡ હજુ પણ પોતાના અને પરિવાર માટે ૨૫,૦૦૦ અને વરિષ્ઠ નાગરિકો માટે ૫૦,૦૦૦ ની મહત્તમ કપાતની મંજૂરી આપે છે - આ મર્યાદા છેલ્લે ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૫ માં સુધારવામાં આવી હતી. સુરાના નિર્દેશ કરે છે કે તબીબી ફુગાવા અને વધતા વીમા પ્રીમિયમને ધ્યાનમાં લેતા, આ મર્યાદા ખૂબ ઓછી છે. તેમનો દલીલ છે કે મર્યાદા વધારવાથી વ્યાપક આરોગ્ય વીમા કવરેજને પ્રોત્સાહન મળી શકે છે અને પરિવારો માટે ખિસ્સામાંથી તબીબી ખર્ચ ઘટાડી શકાય છે.

હોમ લોન વ્યાજ કપાત ૨ લાખ પર યથાવત છે

ઘરમાલિકો માટે, કલમ ૨૪ હેઠળ સ્વ-કબજાવાળી મિલકત પર વ્યાજ કપાત ૨ લાખ સુધી મર્યાદિત છે - આ મર્યાદા છેલ્લે ૨૦૧૪ માં પણ સુધારવામાં આવી હતી. શહેરોમાં મિલકતના ભાવ અને હોમ લોનની રકમમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં આ છે. જોકે કલમ ૮૦હેઠળ પહેલી વાર ઘર ખરીદનારાઓ માટે વધારાની કપાત રજૂ કરવામાં આવી હતી, તે સમય-બંધ અને કડક શરતોને આધીન હતી, જે તેમના અવકાશને મર્યાદિત કરતી હતી.

# વરસાદ અને હિમવર્ષાને કારણે ૨૦ મુખ્ય અને નાના રસ્તા બંધ, ઉત્તરકાશીમાં ફસાયેલા વાહનો અને લોકોને બહાર કાઢવામાં આવ્યા

દહેરાદુન,

અમને અનુસરો, શુક્રવારે વરસાદ અને હિમવર્ષાને કારણે રાજ્યના ૨૦ મુખ્ય અને નાના રસ્તા બંધ થઈ ગયા. આમાં બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ, છ રાજ્ય ધોરીમાર્ગ, એક મુખ્ય જિલ્લા માર્ગ અને બીજો જિલ્લા માર્ગ, તેમજ ૧૦ અન્ય રસ્તાઓનો સમાવેશ થાય છે. આ માર્ગો ફરીથી ખોલવાના પ્રયાસો ચાલી રહ્યા છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તરફથી મળેલી માહિતી અનુસાર, દેહરાદૂન જિલ્લામાં સૌથી વધુ રસ્તા બંધ છે.આમાં બે રાજ્ય ધોરીમાર્ગ, એક મુખ્ય જિલ્લા માર્ગ અને એક અન્ય જિલ્લા માર્ગ અને ચાર ગ્રામીણ રસ્તાઓનો સમાવેશ થાય છે. ઉત્તરકાશી જિલ્લામાં, સાત રસ્તા બંધ છે, જેમાં બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ, બે રાજ્ય ધોરીમાર્ગ અને ત્રણ ગ્રામીણ રસ્તાઓનો સમાવેશ થાય છે. આમાં રેડિટોપથી ઔરછાબંધ સુધીનો ઋષિકેશ-યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૧૩૪ અને ગંગનાનીથી આગળનો ઋષિકેશ-ગંગોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૩૪નો સમાવેશ થાય છે. ચમોલી જિલ્લામાં, જોશીમઠ-ઔલી અને પૌરીમાં એક રાજ્ય ધોરીમાર્ગ બરફવર્ષાને કારણે વાહનવ્યવહાર માટે બંધ છે. પિથોરાગઢ જિલ્લામાં ત્રણ રસ્તા બંધ છે.

ઉત્તરાકાશી જિલ્લામાં વિવિધ મોટરવે પર બરફવર્ષા અને કાટમાળને કારણે ફસાયેલા વાહનો અને લોકોને વહીવટીતંત્ર દ્વારા સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા અને તેમના ગંતવ્ય સ્થાન પર મોકલવામાં આવ્યા. ઉત્તરકાશી-લંબાગાંવ મોટરવેના ચૌરંગી વિસ્તારમાં હિમવર્ષાને કારણે ફસાયેલા લોકોને જેસીબીની મદદથી બચાવવામાં આવ્યા. પહેલા, ૧૪ લોકોને, ત્યારબાદ આઠ મહિલાઓ અને બાળકોને મેગી પોઈન્ટ પર લઈ જવામાં આવ્યા. પુરવઠા વિભાગે ચૌરંગી ખાલ ખાતે દરેકને ખોરાક પણ પૂરો પાડ્યો. બંચૌરા-દિવારી ખોલ અને પત્થર ખોલ વચ્ચે ફસાયેલા વાહનમાંથી ત્રણ લોકોને બચાવી લેવામાં આવ્યા અને પત્થર ખોલ વન વિભાગની ચોકી પર લઈ જવામાં આવ્યા. પુરોલા-મોરી મોટરવે પર જારમોલા ધારમાં ફસાયેલા આશરે ૨૦૦ લોકોને લઈ જતા વાહનોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા; ફક્ત એક ટેમ્પો ટ્રાવેલ વાહન બાકી છે. ગંગોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર નાગુન નજીક કાટમાળને કારણે ફસાયેલા વાહનોને પણ સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા અને માર્ગ પુનઃસ્થાપિત કરવામાં આવ્યો.

# તિરુમાલા લાડુ ઘી ભેળસેળ કેસમાં અંતિમ ચાર્જશીટ દાખલ, ૩૬ મુખ્ય આરોપીઓના નામનો સમાવેશ

## આમાં ભોલે બાબા ઓર્ગેનિક ડેરીના ડિરેક્ટર પોમિલ જૈન અને વિપિન જૈનનો સમાવેશ, મૂળ ફરિયાદી, પ્રલય કાવેરી મુરલી કૃષ્ણનું નામ હવે આરોપી તરીકે

તિરુપતિ,

સીબીઆઈની આગેવાની હેઠળની વિશેષ તપાસ ટીમે નેલ્લોર એસીબી કોર્ટમાં ટીટીડી લાડુ ઘી ભેળસેળ કેસમાં અંતિમ ચાર્જશીટ દાખલ કરી છે. આ ચાર્જશીટ લગભગ ૧૫ મહિનાની તપાસ પછી દાખલ કરવામાં આવી હતી. અંતિમ ચાર્જશીટમાં ૩૬ મુખ્ય આરોપીઓના નામ છે. આમાં ભોલે બાબા ઓર્ગેનિક ડેરીના ડિરેક્ટર પોમિલ જૈન અને વિપિન જૈનનો સમાવેશ થાય છે, જેમના પર નકલી ઘી બનાવવાનો આરોપ છે. ટીટીડીના નિવૃત્ત જનરલ મેનેજર (પ્રોક્યોરમેન્ટ) અને મૂળ ફરિયાદી, પ્રલય કાવેરી મુરલી કૃષ્ણનું નામ હવે આરોપી તરીકે છે.

આ ઉપરાંત, ટીટીડીના ભૂતપૂર્વ ચેરમેન વાયવી સુબ્બા રેડ્ડીના અંગત સહાયક ચિન્ના અપ્પન્ના, ટીટીડીના ભૂતપૂર્વ પ્રોક્યોરમેન્ટ જનરલ મેનેજર આરએસએસવીઆર સુબ્રમણ્યમ, સપ્લાયર્સ સાથે સાંઠગાંઠ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે, વૈષ્ણવી ડેરીના સીઈઓ અને સપ્લાયર અપૂર્વ વિનાયકાંત ચાવડા, એઆર ડેરીના એમડી આર રાજશેખરન અને દિલ્હીના ઉદ્યોગપતિ અજય કુમાર સુગંધ, જેમના પર નકલી ઘી બનાવવામાં વપરાતા રસાયણો સપ્લાય કરવાનો આરોપ છે.

તિરુમાલા શ્રીવરી લાડુની તૈયારીમાં કથિત રીતે ઉપયોગમાં લેવાતા ભેળસેળયુક્ત ઘીના સપ્લાય સાથે સંકળાયેલા આ કેસની તપાસ મૂળ રાજ્યની વિશેષ તપાસ ટીમ દ્વારા કરવામાં આવી હતી, પરંતુ બાદમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર સીબીઆઈની આગેવાની હેઠળની ટીમ દ્વારા તેનો કબજો લેવામાં આવ્યો હતો.તપાસ ૧૨ રાજ્યોમાં ફેલાયેલી હતી અને ટીટીડી ઘી કરાર સંબંધિત સપ્લાય ચેઈન, ખરીદી રેકોર્ડ, લેબ રિપોર્ટ અને નાણાકીય પ્રવાહની બારીકાઈથી તપાસ કરી હતી.એસઆઈટીએ ઉત્તરાખંડ સ્થિત ભોલે બાબા ઓર્ગેનિક ડેરીને કથિત છેતરપિંડીનું કેન્દ્ર તરીકે ઓળખી કાઢ્યું હતું અને તેના ડિરેક્ટરો, પોમિલ અને વિપિન જૈનને મુખ્ય કાવતરાખોર તરીકે આરોપ મૂક્યા હતા.

પુરાવા દર્શાવે છે કે ૨૦૧૯ અને ૨૦૨૪ ની વચ્ચે, આશરે ૬.૮ મિલિયન કિલોગ્રામ ભેળસેળયુક્ત ઘી, જે પામ તેલ અને રાસાયણિક ઉમેરણોનો ઉપયોગ કરીને શુદ્ધ ઘી જેવું લાગે છે, તે ટ્ઠ સપ્લાય ચેઈનને સપ્લાય કરવામાં આવ્યું હતું, જેની અંદાજિત વ્યવહાર કિંમત આશરે ૨૫૦ કરોડ હતી. તપાસ દરમિયાન,એસઆઈટીએ અનેક અગ્રણી વ્યક્તિઓની પૂછપરછ કરી હતી અથવા તેમને નોટિસ જારી કરી હતી, પરંતુ તેમને આરોપી તરીકે નામ આપવામાં આવ્યું નથી. આમાં ટીટીડીના ભૂતપૂર્વ ચેરમેન અને વાયએસઆરસીપી સાંસદ વાયવી સુબ્બા રેડ્ડી અને ભૂતપૂર્વ વધારાના કાર્યકારી અધિકારી પ્રમુખ એવી ધર્મ રેડ્ડીનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બર ૨૦૨૪ માં જ્યારે મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ પવિત્ર પર્વત મંદિરમાં લાડુના પ્રસાદમાં ભેળસેળયુક્ત ઘીનો ઉપયોગ જાહેર કર્યો ત્યારે આ વિવાદ શરૂ થયો હતો.

તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે પવિત્ર શ્રીવરી લાડુના પ્રસાદમાં શુદ્ધ ગાયના ઘીને બદલે પામ તેલ, પામ કર્નલ તેલ, રાસાયણિક ઉમેરણો અને પ્રાણીની ચરબીવાળા ભેળસેળયુક્ત ઘીનો ઉપયોગ થઈ રહ્યો છે. પ્રારંભિક રાજકીય દાવાઓમાં લાડુમાં બીફ ટેલો અને ડુક્કરની ચરબીની ભેળસેળના આરોપોનો સમાવેશ થતો હતો, જેના કારણે વ્યાપક આક્રોશ ફેલાયો હતો અને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી.

# SIRનો કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ

## ગીર સોમનાથની ચારેય વિધાનસભામાં ભરાયેલા તમામ ફોર્મ નં. ૭ની સંપૂર્ણ ચકાસણી કરવા માંગ



ગીર સોમનાથઃ

ગીર સોમનાથ જિલ્લામાં ચાલી રહેલી જૈંઇ મતદારયાદી સુધારણા પ્રક્રિયા બાબતે કોંગ્રેસ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.આ દરમિયાન મતદારયાદી સુધારણામાં ગોલમાલ બંધ કરો બંધ કરો જેવા સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.ત્યારબાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજા વંશ સાથેના પ્રતિનિધિ મંડળે જિલ્લા કલેક્ટર તથા જિલ્લા ચૂંટણી અધિકારીને રૂબરૂ મળીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજા વંશે જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં જૈંઇની કામગીરી ચાલી રહી છે, પરંતુ ચૂંટણી પંચની ગાઈડલાઈનના વિરોધમાં કામગીરી થતી હોવાની ગંભીર શંકા છે. BLO દ્વારા મેપિંગ બાદ પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ થઈ ચૂકી છે, છતાં છેલ્લા ત્રણ દિવસમાં ચારેય વિધાનસભામાં મોટા પ્રમાણમાં ફોર્મ નં. ૭ ભરાયા હોવાનું જાણવા મળ્યું છે.

તેમના જણાવ્યા અનુસાર, ભાજપના કહેવાતા લોકો દ્વારા તથા પાર્ટીના આયોજનબદ્ધ કાર્યક્રમ મારફતે કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયેલા મતદારોના નામ કમી થાય તે હેતુથી એવા લોકોના નામે ફોર્મ ભરાયા છે, જે ગામના નથી અથવા વિદેશમાં રહે છે.

ફોર્મ નં. ૫ અને ૭નો દુરુપયોગ કરીને સાચા મતદારોને મતાધિકારથી વંચિત રાખવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો. પરંતુ હજી સુધી તે માહિતી પૂરી પાડવામાં આવી નથી. તેમણે દહેશત વ્યક્ત કરતાં કહ્યું કે સત્તાધારી પક્ષ દ્વારા વહીવટી તંત્ર અને ચૂંટણી પંચનો દુરુપયોગ કરીને લોકશાહીના મૂળભૂત અધિકાર પર ઘા કરવાની ષડયંત્ર રચાઈ રહ્યું છે.આવેદનપત્ર મારફતે જિલ્લા કોંગ્રેસે માંગણી કરી છે કે ચારેય વિધાનસભામાં ભરાયેલા તમામ ફોર્મ નં. ૭ની સંપૂર્ણ ચકાસણી અને વેરિફિકેશન કરવામાં આવે અને જે મતદારોના નામ ફોટા સાથે મતદારયાદીમાં પ્રસિદ્ધ થયા છે, તેમાંથી એક પણ સાચો મતદાર મતદાનથી વંચિત ન રહે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખે ચારેય વિધાનસભાના BLOને ચેતવણી આપતાં કહ્યું કે તેઓ ભાજપના દબાણમાં આવ્યા વિના સંપૂર્ણ નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે કામગીરી કરે. કાયદેસર મતદારોના નામ જો બિનજરૂરી રીતે મતદારયાદીમાંથી કમી કરવામાં આવશે તો પુરાવા સાથે કાર્યવાહી કરવામાં આવશે.

# વડનગર-રોણાજ ચોકડી ઓવરબ્રિજની માંગ છતાં નિર્માણ ન કરવામાં આવ્યું

કોડીનારઃ

કોડીનારના વડનગર-રોણાજ ચોકડીએ છાશવારે અકસ્માતના બનાવો બની રહ્યાં છે છતાં ઓવરબ્રિજનું નિર્માણ કરાયું નથી.ગીર સોમનાથથી ભાવનગર સુધી પસાર થતો નેશનલ હાઈવે કોડીનાર તાલુકા માટે આજે વિકાસનો માર્ગ નહીં પરંતુ સતત વધતી બેદરકારી, લોહિયાળ અકસ્માતો અને અસંવેદનશીલ તંત્રનું જીવતું ઉદાહરણ બની ગયો છે.આ બંને ચોકડીને સુરક્ષિત બનાવવા માટે જરૂરી ઓવરબ્રિજના કામ અંગે જવાબદાર તંત્ર દ્વારા કોઈ ગંભીર પગલું ભરવામાં આવ્યું નથી, જે પ્રત્યે આજે સમગ્ર કોડીનાર તાલુકામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ ગંભીર સ્થિતિ સામે આજે કોડીનાર તાલુકાના સરપંચો, સામાજિક કાર્યકરો અને રાજકીય આગેવાનો એકસાથે એક મજબૂત અવાજ બનીને સામે આવ્યા છે.

સિધાજ ગામના સરપંચ ભરતભાઈ ગોહિલ, મિતીયાજ ગામના સરપંચ સુરપાલસિંહ બારડ, ભયાળ ગામના સરપંચ વાલજીભાઈ મકવાણા, આમ આદમી પાર્ટીના હોદ્દેદારો સામતભાઈ વાઢેળ, માનસિંહ મોરી, પ્રવિણભાઈ સેવરા, મેહુલભાઈ ચૌહાણ તથા સિધાજ ગામના સામાજિક કાર્યકર અનિલભાઈ ગોહિલ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.



આ આવેદનપત્રમાં માત્ર બે ઓવરબ્રિજની માંગ નહીં પરંતુ વર્ષો થી અવગણાતી જનસુરક્ષાની વ્યથા વ્યક્ત કરવામાં આવી હતી.

સરપંચોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે વડનગર ચોકડી અને રોણાજ ચોકડી પર અગાઉ અનેક લોકો જીવ ગુમાવી ચૂક્યા છે અને અનેક ગંભીર અકસ્માતોમાં લોકો કાયમી રીતે ઘાયલ થયા છે.

આવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે વડનગર ચોકડી અને રોણાજ ચોકડી પર ઓવરબ્રિજ બનાવવાની માંગ કોઈ નવી નથી.વર્ષો થી સ્થાનિક લોકો, ગ્રામ પંચાયતો અને સામાજિક આગેવાનો દ્વારા મૌખિક તથા લેખિત રીતે રજૂઆતો કરવામાં આવી છે, છતાં દરેક વખતે આશ્વાસનો સિવાય કંઈ મળ્યું નથી. અને કામગીરી થતી નથી.

ટૂંક સમયમાં ઓવરબ્રિજના કામની સ્પષ્ટ સમયરેખા જાહેર નહીં કરવામાં આવે તો આવનારા દિવસોમાં નેશનલ હાઈવે પર રસ્તા ચક્કાજામ કરી ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી પ્રશાસન અને સંબંધિત વિભાગોની રહેશે.


# રાજકોટ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી જેતપુર ખાતે : રિહર્સલ

## પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવા માટેની તૈયારીઓને અપાયેલો આખરી ઓપ

રાજકોટ,

આગામી ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી જેતપુરની મામલતદાર કચેરીના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે થનારી છે, જેનું રિહર્સલ આજે યોજાયું હતું.

ધ્વજવંદન અને બેન્ડ પ્લાટુનના રાષ્ટ્રગાન સાથે રિહર્સલનો પ્રારંભ થયો હતો. પ્રોબેશનરી આઈ.પી.એસ. ઓફિસર શ્રી પ્રખર કુમારની આગેવાનીમાં અધિકારીશ્રીઓના પરેડ નિરીક્ષણ બાદ પોલીસ, હોમગાર્ડ્સ તથા એસ.પી.સી.ની પ્લાટૂન અને અશ્વદળ દ્વારા માર્ચ પાસ્ટ યોજાયા હતા. ડોગ સ્કવોડના શ્વાન હેરી અને માઈટીએ હેરતઅંગેજ અને દિલધડક કરતૂતો સાથે અનોખી મુદ્રામાં રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ તકે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ દેશભક્તિસભર યોગ તેમજ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.આ તકે જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદે પ્રજાસત્તાક પર્વની ઉજવણી દેશભક્તિસભર માહોલમાં યોજાય તે માટે વિવિધ વિભાગો-ટીમને જરૂરી સૂચનાઓ આપી હતી.



નિવાસી અધિક કલેક્ટર શ્રી એન.કે. મુછારના દિશાદર્શનમાં યોજાયેલા આ રિહર્સલમાં પ્રાંત અધિકારીશ્રી રાહુલ ગમારા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રિયાંક ગલચર, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી આશિષ ઝાપડા, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી દીક્ષિત પટેલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિતેશ દિહોરા, ડી.વાય.એસ.પી. શ્રી કિશોર ડોડીયા તથા અન્ય સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે, રાજકોટની પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણીમાં મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી રાષ્ટ્રીય ધ્વજને સલામી આપશે.

# પૂર્વ સૈનિક, સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓએ WWW.ESM.GUJARAT.GOV.IN વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરવું



અમરેલીઃ

રાજકોટ, મોરબી, અમરેલી જિલ્લામાં વસવાટ કરતા તમામ પૂર્વ સૈનિકો, સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મ પત્નીઓને જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા સૈનિક કલ્યાણ માટે WWW.ESM.GUJARAT.GOV.IN વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે. આ વેબસાઈટ પર તમામ પૂર્વ સૈનિકો અને સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મ પત્નીઓએ રજીસ્ટ્રેશન કરવુ ફરજિયાત છે. કારણ કે, આજથી પહેલા કોઈપણ કામ જેમ કે, પૂર્વ સૈનિક કે સ્વ.પૂર્વ સૈનિકના ધર્મ પત્ની તરીકેનું આઈકાર્ડ, ડિપેન્ડેન્ટનું આઈકાર્ડ, એનઓસી, દીકરી લગ્ન સહાય, આર્તિક સહાય, મરણોત્તર ક્રિયા સહાય વગેરે કરાવવા માટે સૈનિક બોર્ડમાં રૂબરુ જઈને મેન્યુઅલી ફોર્મ ભરીને જમા કરાવાથી થતું હતું, પરંતુ હવેથી આ તમામ કામો ઓનલાઈન થઈ ગયા છે. જો નોંધણી થયેલ હશે તો જ આ કામો ઓનલાઈન કરી શકાશે. રજીસ્ટ્રેશન ઘરેથી કોમ્પ્યુટર કે મોબાઈલ દ્વારા પણ કરી શકાય છે. માર્ગદર્શન માટે ૦૨૮૧-૨૪૭૬૮૨૫ ઉપર કચેરીના કામકાજના સમય દરમિયાન સંપર્ક કરવો તેમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શાપર ઇન્ડસ્ટ્રિયલ વિસ્તારના ટી.બી.ના 30 જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ કિટનું વિતરણ

## દર્દીઓને દવાની સાથેસાથે પૌષ્ટિક આહાર લેવા બાબતે ભાર મૂકાયો



રાજકોટ,

ભારત દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ટી.બી. મુક્ત ભારત' અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુથી 'એક કદમ માનવતા કી ઓર'ના સૂત્ર સાથે રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા લાયન્સ ક્લબ ઓફ રાજકોટ પ્રાઈડના સહયોગથી પોષણ કિટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગત તા. ૨૨ જાન્યુઆરીના રોજ આયોજિત આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાના હસ્તે શાપર ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારના ૩૦ જેટલા ટી.બી.ના જરૂરિયાતમંદ દર્દીઓને નિક્ષય મિત્ર બનીને પોષણ આહાર કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ દર્દીઓને નિયમિત સારવાર લેવા અને મક્કમ મનોબળ સાથે ટી.બી.થી મુક્ત થવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબના પોરબંદર જિલ્લાના અધ્યક્ષ શ્રી નિધિબેન મોઢવાડિયાએ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પોતે 'ટી.બી. ચેમ્પિયન' હોવાથી તેમણે દર્દીઓ સાથે વ્યક્તિગત અનુભવો વહેંચી, તેમનો આત્મવિશ્વાસ વધાર્યો હતો. કાર્યક્રમ દરમિયાન 'ટી.બી. હારેગા, દેશ જીતેગા'ના સૂત્રોચ્ચાર સાથે સૌએ સાથે મળીને ભારતને ટી.બી. મુક્ત બનાવવાનો સંકલ્પ લીધો હતો. ક્લબના આગેવાનોએ દર્દીઓને દવાની સાથેસાથે પૌષ્ટિક આહાર લેવા બાબતે ભાર આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે,પોષણક્ષમ આહારની કિટમાં મગ, ચણા, મઠ, સોયાબીન, રાજમા, પંચરત્ન દાળ, મગદાળ, ચણાદાળ, તુવેરદાળ, ચોળા, ચોખા, સીંગદાણા, ખજૂર, ગોળ અને દાળિયા જેવા ધાન્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તકે રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે લોકોને પણ ક્ષયમુક્ત ભારતના સેવાયજ્ઞમાં જોડાવવા માટે ટી.બી.ના દર્દીઓને પોષણ કીટ આપીને નિક્ષય મિત્ર બનવા માટે અનુરોધ કર્યો હતો.

# લોધિકામાં વિવિધ સરકારી સેવાઓનું નિરીક્ષણ કરતા જિલ્લા વિકાસ અધિકારી

## અધિકારીએ લોધિકા ખાતે આંગણવાડી અને આરોગ્ય સેવાઓની સમીક્ષા કરી

રાજકોટ,

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદએ લોધિકા ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી રજૂ થયેલ પ્રશ્નોનું સકારાત્મક અભિગમ સાથે નિરાકરણ કર્યું હતું. ત્યારબાદ તાલુકા પંચાયત ખાતે પદાધિકારીશ્રીઓ સાથે લોક સંવાદ કરવામાં આવ્યો તેમજ અધિકારીશ્રીઓ અને સંકલન સમિતિના સભ્યો સાથે બેઠક કરી વિવિધ કામગીરી અંગે જાણકારી મેળવી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.



જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ લોધિકા સબ સેન્ટરની મુલાકાત દરમ્યાન મુજબની પ્રેગ્નન્સી ટેસ્ટ, હિમોગ્લોબિન, યુરિન એલ્બ્યુમિન અને શુગર, બ્લડ શુગર, મેલેરિયા, ડેન્ગ્યુ સહિત કુલ ૧૪ રિપોર્ટની કામગીરીની ચકાસણી કરી હતી. જેમાં સબ સેન્ટર કક્ષાએ ના ૧૪માંથી ૧૪ પેરામીટર યોગ્ય હોવાનું જણાતા ઉત્તમ કામગીરી બદલ કર્મચારીઓની સરાહના કરી હતી.

આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ લોધિકા આંગણવાડી કેન્દ્ર–૨ની મુલાકાત લઈ બેનીફિશિયરી એડિશનની કામગીરીની રૂબરૂ ચકાસણી કરી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચન કર્યું હતું. તેમજ ડોકયુમેન્ટના અભાવે પોષણ ટ્રેકરમાં રહી ગયેલા લાભાર્થીઓનું ઝુંબેશ સ્વરૂપે રજીસ્ટ્રેશન પૂર્ણ કરવા અને ૐંઇ વિતરણની કામગીરીનું રજીસ્ટર ચકાસી તમામ લાભાર્થીઓને યોગ્ય પોષણ મળી રહે તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

અધિકારીશ્રીએ સબ સેન્ટરની મુલાકાત દરમિયાન તથા આશા બહેનો સાથે મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી તેમજ સર્ગભા બહેનો માટે બર્થ માઈક્રોપ્લાન મુજબ ડિલિવરી ફેસિલિટી પ્લાન, ટ્રાન્સપોર્ટ પ્લાન તથા ઈમરજન્સી સમયે બેકઅપ વ્યવસ્થા અંગે વિગતવાર જાણકારી મેળવી. આ પ્રકારની આયોજનબદ્ધ કામગીરી સમગ્ર જિલ્લામાં અમલમાં આવે તે માટે ને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ તકે સંલગ્ન અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા ઉત્તરાયણની ઉજવણી કરાઈ



રાજકોટ,

રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા ઉત્તરાયણ ૨૦૨૬ની પવિત્ર પર્વની ઉજવણી બાળકો સાથે પ્રેમ, ઉષ્મા અને આનંદભર્યા માહોલમાં કરવામાં આવી. આ ઉજવણી દરમિયાન આકાશમાં ઉડતી રંગબેરંગી પતંગો, પરંપરાગત મીઠાઈઓ અને બાળકોના ચહેરા પર ઝળહળતા સ્મિત એ સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવ્યો.

મકરસંક્રાંતિની ઉજવણી ખુશી, હાસ્ય અને સુખદ પળો થી ભરપૂર રહી, જે બાળકો માટે અવિસ્મરણીય અનુભવ બની. બાળકોને ભેટ આપવામાં આવી અને સમગ્ર કાર્યક્રમ દરમિયાન સેવા અને સંવેદનાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ ઉદાર દાતાઓ પ્રત્યે રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.કાર્યક્રમને સફળ બનાવવા માટે ક્લબના પ્રમુખ રોટ. નિહાર ચંદારાણા અને સેક્રેટરી રોટ. મેહુલ પરમાર ના માર્ગદર્શન અને નેતૃત્વની ખાસ પ્રશંસા કરવામાં આવી.

# માધુપુર ગીરમાં ગોવંશનું કપાયેલું માથું મળ્યું

## પોલીસ ઘટનાસ્થળે પહોંચી, પશુચિકિત્સકેને બોલાવાયા, ગૌપ્રેમીઓમાં રોષ

તાલાલાઃ

તાલાલા તાલુકાના માધુપુર ગીર ગામ નજીક જાંબુર-સુરવા રોડ પર એક ગોવંશનું કપાયેલું માથું મળી આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતા જ તાલાલા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી.માધુપુરના સામાજિક કાર્યકર વિજય હિરપરાએ જાંબુર-સુરવા રોડ પર પુલ પાસે કુતરાઓ પાસે ગોવંશનું કપાયેલું માથું જોયું હતું. તેમણે તાત્કાલિક તાલાલા પોલીસને જાણ કરી હતી, જેના પગલે આકોલવાડીથી મહિલા પી.એસ.આઈ. પી. ધનેશા સહિતનો પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો.

પોલીસને ઘટનાસ્થળેથી માત્ર ગોવંશનું કપાયેલું માથું જ મળ્યું હતું, શરીરનો ધડનો ભાગ ગાયબ હતો. કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ગોવંશનું માથું કાપીને ફેંકી દેવામાં આવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. પોલીસે તાલાલાથી પશુચિકિત્સક ડોક્ટર દીપક મેરને સ્થળ પર બોલાવ્યા હતા.પશુચિકિત્સક ડો. દીપક મેરે સ્થળ પર તપાસ કરતા પ્રાથમિક દ્રષ્ટિએ જણાવ્યું હતું કે, ગોવંશનું માથું કોઈ વન્યજીવના હુમલાને કારણે અલગ પડ્યું હોય તેવું લાગતું નથી, કારણ કે ચામડી સહિતનો ભાગ આખો હતો અને તે કપાઈને અલગ પડ્યું હોય તેવું જણાય છે.આકોલવાડી બીટના જમાદાર કિશનભાઈ વાદીએ પશુચિકિત્સક પાસેથી મૃત ગોવંશના માથાના ભાગેથી વધુ તપાસ માટે સેમ્પલ લેવડાવ્યા હતા. પોલીસે કાર્યકર વિજય હિરપરાને મૃત ગોવંશના માથાને ખાડો ખોદીને સમાધિ આપવા જણાવ્યું હતું, જે મુજબ સમાધિ આપવામાં આવી હતી.



આ ઘટનાની જાણ માધુપુર ગામ અને તાલાલા પંથકમાં થતા ગૌપ્રેમીઓમાં રોષની લાગણી ફેલાઈ છે. ગૌપ્રેમીઓએ પોલીસ સમક્ષ નિર્દોષ ગોવંશને ઘાતક રીતે મારી નાખીને માથું કાપી ફેંકી દેનારા ઈસમો વિરુદ્ધ ઝીણવટભરી તપાસ કરીને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# સ્ટેટ લેવલ સાયન્સ એક્સ્પોનું ક્રાઈસ્ટ કોલેજ રાજકોટમાં સફળ આયોજન

રાજકોટ,

સ્ટેટ લેવલ સાયન્સ એક્સ્પોનું આયોજન કરાઈસ્ટ કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજ અને સ્કૂલો દ્વારા કુલ ૧૬૦ મોડલ ની રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઈસરોના વૈજ્ઞાનિક ડોક્ટર હરેશ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ એક્સ્પોને બે વિભાગ વિજ્ઞાન રત્ન વિજ્ઞાન ભૂષણમાં વિભાજીત કરવામાં આવેલ હતો.



જેમાં રાતૈયા પ્રાથમિક શાળાએ ટેરાબોટ નામની કૃતિ દ્વારા સમગ્ર પ્રાઈવેટ અને સરકારી શાળાઓમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરી "વિજ્ઞાન રત્ન આલ્ફા" ટ્રોફી હસ્તગત કરી છે. આ સફળતા પ્રાપ્ત કરવા બદલ ક્રાઈસ્ટ કોલેજ ના ડિરેક્ટર ફાધર જોમન થોમના અને ડોક્ટર હરીશ ભટ્ટ દ્વારા શાળાના માર્ગદર્શક શિક્ષક કવિતાબેન ભટાસણા ને બેસ્ટ સાયન્સ સ્કીલ એવોર્ડ અને વિદ્યાર્થીઓને "વિજ્ઞાન રત્ન આલ્ફા" ટ્રોફી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ટ્રોફી મળવા બદલ ટ્રોફીના વિજેતા બનેલ વિદ્યાર્થીઓ શુભેચ્છા આપવામાં આવી હતી.

